
# બાળકોના રંગલાલા



**ભાગ-૧૫**

લેખક
પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# શ્રીલલિતાસ્તોત્રમ્

નમામિ લલિતાં દેવીં સર્વપાપપ્રણાશિનીમ્ ।
વસન્તીં નૈમિષારણ્યે ભક્તવૈભવકારિણીમ્ ॥૧॥

ધૃત્વૈકહસ્તકે ચક્રં શિવલિંગં દ્વિતીયકે ।
પ્રતીક્ષતે સ્વભક્તાન્ યા મહાશક્તિઃ સનાતની ॥૨॥

પરામ્બિકા પરાનન્દા સર્વમંગલમંગલા
સર્વાત્મિકા સર્વરૂપા હ્યાસેચનમૂર્તિકા ॥૩॥

નવાર્ણતુષ્ટા ચામુણ્ડા દુર્ગા દુર્ઘટઘાટિની ।
તારા તારસ્વરા ચાદ્યા ભણ્ડાસુરવિનાશિની ॥૪॥

ચણ્ડમુણ્ડાદ્યુગ્રરૂપા કાલી મહિષ કણ્ટ કા ।
મદોત્કટા મહામાયા બાલા ત્રિપુરસુન્દરી ॥૫॥

કમ્બુકણ્ઠી કામરૂપા કામાતીતા સુહાસિની ।
કમલોત્ફુલ્લનયના વરાભયકરા કલા ॥૬॥

દામિની દકદાભાસા શ્રીચક્રસ્થા વરાસના ।
ષોડશાક્ષરસંપ્રીતા ત્રીશ્વરી શંકરપ્રિયા ॥૭॥

તનોતુ મંગલં મે સા સાક્ષાદ્ વિશ્વંભરી ચ યા ।
શક્તિર્ભાગવતી ભવ્યા કરુણાવરુણાલયા ॥૮॥

પ્રપન્નાર્તિહરા હંસા રંગ મંગલકારિકા ।
એકાઽપિ બહુધા ભાતિ ભક્તભાવવશાચ્ચ સા ॥૯॥

સ્તુતિરેષા લલિતાયા નિમિષારણ્યે વિનિઃસૃતા દૈવાત્ ।
કં દત્વાઽકં છિન્દ્યાત્ સચ્ચિત્સુખદા ન કસ્ય સ્યાત્ ॥૧૦॥

રંગ અવધૂત

# બાળકોના રંગદાદા
## ભાગ-૧૫

---

**પ્રકાશક :** **શ્રીપ્રેમજયંતી સમિતિ**, અમદાવાદ.
મોઃ ૯૮૨૪૫૦૪૨૦૬

**ગ્રાફિક્સ :** **શ્રી અપર્ણા રાજેન્દ્ર ઉપાધ્યાય**
**"રાહ-રંગપ્રેમની"**
મોઃ ૯૬૮૭૬૬૧૧૧૪

**મુદ્રક :** **અજય ઑફસેટ**
બારડોલપુરા, અમદાવાદ.

**આવૃત્તિ :** **પાંચમી**
**ગુરુપૂર્ણિમા**
**અષાઢ સુદ ૧૫, સં. ૨૦૭૯**
**તા. ૩-૭-૨૦૨૩**

**પ્રત :** **૨૫૦**

**મૂલ્ય :** **રૂા. ૩૫/-**

# આશીર્વચન

દરેક ભાષામાં બાળસાહિત્યનું મહત્ત્વ સ્વીકારાયું છે. પહેલાના સમયમાં દાદા-દાદીના ખોળામાં માથું મૂકીને સૂતેલા બાળકને દાદા-દાદી દ્વારા વાર્તા સાંભળવાની મળતી. હું પાંચ વર્ષની ઉંમરનો હતો ત્યારે મારા માતુશ્રીના ખોળામાં સૂતા સૂતા તેમના મુખેથી ભકત ધ્રુવની વાર્તા સાંભળતો. એના ફળ સ્વરૂપે 'બાળકોના રંગદાદા'નું બાળ સાહિત્ય પ્રાપ્ત થયું છે એવું મને લાગે છે. હવે આવા ભાગ્યશાળી પરિવારોની સંખ્યા ઓછી જોવા મળે છે. નાની ઉંમરના બાળકોને પૂ. બાપજીની વાતો કહીને એમનામાં પૂ.શ્રીની ભકિતના અમી ઘૂંટડા પાવાનું કામ પરિવારમાં સભાનપણે થવું જોઇએ. પૂ.શ્રીની ભકિતનો વિસ્તાર વધે અને એ ભકિતનો વારસો પરિવારમાં જળવાઇ રહે એ આશયથી 'બાળકોના રંગદાદા' પુસ્તક શ્રેણીનું આયોજન થયું છે. એ શ્રેણીમાં ચૌદ પુસ્તકો તો પ્રકાશિત થઇ પણ ગયા છે.

બાળકોને વાંચવાનું ગમે અને છતાં જાણતાં-અજાણતાં એના મનમાં સંસ્કારો દઢ થતા જાય એ રીતે તૈયાર થતું લખાણ પ્રશંસનીય છે, અનુકરણીય છે.

'બાળકોના રંગદાદા' ભાગ-૧૫ને હું આવકારું છું અને પ.પૂ. સદ્ગુરુ શ્રી રંગ અવધૂત મહારાજને પ્રાર્થના કરું છું કે આવું બાળ સાહિત્ય શ્રી કુલીનભાઇ વધુ ને વધુ પરિવારના બાળકોને પીરસતા રહે.

આપણે બાળકોને સાચવીશું તો બાળકો આપણને સાચવશે. બાળપણ એ ભગવાનની ભેટ છે. આ કીમતી ભેટનું આપણે જતન કરીએ અને આવા વધુ પુસ્તકોનું નિર્માણ કરીએ.

લિ.

કોઠિયાખાડ, ॐ

તા. ૧-૧૧-૨૦૦૭ **પ્રેમ**

# આવકાર

પરમ આદરણીય કુલીનભાઈ દ્વારા સંપાદિત 'બાળકોના રંગદાદા ભાગ ૧૫' યથાર્થ રીતે માતૃભક્તિનું ઉપનિષદ છે. આપણાં ગુજરાતની કૌટુંબિક સંસ્કૃતિની એક ધરોહર છે. શિયાળાની ઠંડી રાત્રે તાપણું કરી દાદા, દાદી પૌત્રો અને પૌત્રીઓને બેસાડી રામાયણ, મહાભારત ભાગવતની નાની નાની વાર્તાઓ નાનાં બાળકોને સંભળાવે આનંદ થાય, વખત વિતે અને જીવનનું મૂલ્યવાન ભાથું બાળકો દાદા દાદીની અમૃતવાણીનાં પંચામૃત પામે. જાણે આજ પરંપરાને મૂર્ત સ્વરૂપ આપી કુલીનભાઈએ સમષ્ટિના પૂ.દાદા રંગ અવધૂતબાપજીની, જીવન કથની માતૃભક્તિ, ભકતવત્સલતા, બાળકોનાં જીવનદીપકની એક માતૃવત્સલ ચિંતા અને અવધૂત હોવા છતાં જગતપિતા તરીકેનો ભાગવતધર્મ બજાવનાર પૂ. રંગ અવધૂત બાપજીના અત્રે પ્રગટ કરેલાં પ્રસંગો એ આવનાર સમય માટેની સંજીવની જેવા છે. નાના બાળકોને તો પ્રેરણાં, દિશા અને શ્રદ્ધા જરૂર આપશે જ, પણ યુવાનોને પણ આવતીકાલને શ્રેષ્ઠ બનાવવા માટેની દિશા આ પુસ્તિકામાંથી પૂ.બાપજી પોતાની અવિરત કૃપા સાથે આપશેજ એવી મારી શ્રદ્ધા છે.

પૂ.રુકમામ્બાની સેવા, આજ્ઞા અને સંકલ્પને એક બ્રહ્મવાક્ય તરીકે આત્મસ્થ કરી, સંસારી નહિ કરી શકે એવી માતૃસેવા પૂ. રંગ અવધૂત બાપજીએ કરી એનાં અનેક માર્મિક અને અર્થપૂર્ણ પ્રસંગોનું સંકલન કરીને પરમ આત્મીય કુલીનભાઈએ પૂ.બાપજીની સાધના તો કરી જ છે, પણ આવતીકાલની આપણી

ઉછરતી પેઢીને માટે અને એમને ઉછેરવાનો પરિશ્રમ કરનાર યુવાન માતા પિતાને પણ જીવનની આ કપરી કેડી જેરવવાની દ્રષ્ટિ શક્તિ અને સર્વેની ઉપર પૂ.બાપજીની ભાગવતકૃપા જરૂર પ્રાપ્ત થાય એવો બાપસેવાનો ઉમદા સારસ્વતધર્મ સ્વ. ગિજુભાઇ બધેકાજીએ કંડારેલી કેડી ઉપર પરવરીને કર્યો છે. જે સર્વથા અભિનંદનીય અને ઉપયુક્ત છે. આ પ્રકાશન આપણાં યુવાસમાજને પણ સુદર્શનની શકિત આપશેજ. પૂ.બાપજીની કૃપા સર્વને મળશે જ એવી મારી શ્રદ્ધા અને પ્રાર્થના છે.

તા. ૨૫-૧૦ -૨૦૦૭

**અશ્વિનભાઈ કાપડીઆ**
**માજી કુલપતિ**
**દક્ષિણ ગુજરાત યુનિ. સુરત.**

# લેખકનું નિવેદન

જ્યારે બાળકોનું મન કોરી સ્લેટ જેવું હોય ત્યારે જ આપણે એના ઉપર સંસ્કારી વાતોનું રેખાંકન કરી દઈએ તો સારું. 'કુમળા છોડને વાળીએ તેમ વળે' એ ન્યાયે નાના બાળકોને પૂ.શ્રી વિશેની વાતો જાણવા મળે તો સારું એવા વિચારમાંથી આ પુસ્તિકાનું પ્રકાશન થઈ રહ્યું છે.

મારા પુત્ર હર્ષલની નિર્જરીને આ સંસ્કારોથી મઢવાની વૃત્તિથી વાતો કરતાં કરતાં આવી પુસ્તિકાની શ્રેણી રચવાની ઈચ્છા જાગી. એમાં 'બાળકોના મોટા' એવી પુસ્તિકા હાથમાં આવી. શ્રી મુકુલ કલાર્થીની આ પુસ્તિકાની વાત શ્રી સુભાષભાઈ દવેને કરી તો એમણે મને પ્રોત્સાહિત કર્યો કે રંગ પરિવારના મુકુલભાઈ તમે બનો એ માટે એમનો આભારી છું.

આવકાર લખી આપવા બદલ શ્રી અશ્વિનભાઈ કાપડિયાનો આભારી છું. માતૃશૈલની વિધિ અને એની છબી માટે મુ. નીલકંઠભાઈ શુક્લ-સુરતનો આભારી છું. પૂ.શ્રીએ મોરટક્કામાં પૂ.માજીની કરેલી ઉત્તરક્રિયાની માહિતિ તેમજ તસવીરો માટે 'નારેશ્વરની વિકાસ વિભૂતિ મા રુકમામ્બા'ના લેખક પૂ.બાલ અવધૂતજીનો ઋણી છું. ભાગ-૧૫નું પ્રૂફ તપાસી આપવા બદલ તેમજ સુધારા સૂચવવા બદલ મુ.શ્રી ધીરુભાઈ જોષીનો તથા ધર્મપત્ની સૌ. અંજનીનો હું આભારી છું.

પૂ. પ્રેમ અવધૂતજીનો આભાર માની હું અંગતપણાનો ભાવ ક્ષીણ થવા નહિ દઉં. એ પ્રેરકબળ પણ છે અને ચાલક બળ પણ છે. પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજના ચરણોમાં અનેકાનેક વંદન અને પૂ. પ્રેમ અવધૂતજીને સાદર વંદન હો!

અમદાવાદ — લિ.

ધનતેરસ, તા. ૭-૧૧-૨૦૦૭. — **કુલીન ઉપાધ્યાય**

(૦૭૯- ૨૭૪૮૦૦૮૮)

# (૧)

## માતૃઆજ્ઞાની સામે ભક્તની ભાવના

પૂ. કૃષ્ણશંકર શાસ્ત્રી મહા વિદ્વાન.
ભાગવત માર્તંડ ગણાય.
એમણે ભાગવત વિદ્યાપીઠની સ્થાપના કરવાનું વિચાર્યું.
સોલા પાસે જમીન મળી.
પૂ.શ્રીના દર્શને ગયા તો બાપજીએ કહ્યું: "શાસ્ત્રીજી! જલદી કામ શરૂ કરો."
સને ૧૯૬૭ની ૧૩મી માર્ચ.
ભાગવત વિદ્યાપીઠનું ખાતમુહૂર્ત.
આ પ્રસંગે સંતોને આમંત્રણ ગયાં.
એ સંતો પૈકી ચાર વિશિષ્ટ સંતોને આમંત્રણ અપાયાં.
એક તો પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ.
બીજા રણછોડદાસજી મહારાજ.
ત્રીજા યોગીજી મહારાજ અને ચોથા મુક્તાનંદબાબા.
એ સમયે પૂ. માજીનું શરીર અસ્વસ્થ હતું.
એમણે પૂ.શ્રીને કહ્યું હતું કે હવે તારે રાત્રે નારેશ્વરમાં જ રહેવાનું.
પૂ. માજીની આજ્ઞા બાપજીએ માથે ચઢાવી.

આ સંજોગોમાં પૂ.શ્રીએ પૂ. શાસ્ત્રીજીને પત્ર લખ્યો. પત્રમાં જણાવ્યું: "કાર્ય ભગવાનનું છે. ભગવાન કરશે. માટે ચિંતા ન કરશો. માતાજીની પ્રકૃતિ નાજુક છે. માતાજીની આજ્ઞા છે કે રાત્રી આશ્રમમાં જ ગાળવી. વાટ લાંબી છે. મોટરની યાત્રા શકય નથી. તો મારી ઉપસ્થિતિ ત્યાં જ સ્વીકારશો. **માતૃઆજ્ઞાવશ હું નિરુપાય છું.**"

પૂ. શાસ્ત્રીજીએ જવાબમાં એક જ લીટીનો પત્ર લખ્યો: "આપ સમર્થ નિરુપાય છો, હું સામાન્ય નિરાધાર છું."

ભક્તની ભાવના જોઇને બાપજીનું હૃદય હલી ગયું.

માતાની આજ્ઞા અને ભક્તની ભાવના વચ્ચે સમાધાન કેવી રીતે કરવું?

પૂ.શ્રીએ એ સમાધાન કર્યું.

મોદીકાકા દ્વારા સંદેશો મોકલ્યો: "યોગીજનોની રાત્રી ત્રણ વાગ્યા સુધીની. પૂ. માજીની આજ્ઞાનું પાલન કરીશ. ત્રણ વાગ્યે નીકળીશ. મોટરમાં નીકળીશ. રસ્તામાં ઉલટીઓ થશે તો લીંબુનો રસ રાખી મૂકીશ. ખાતમુહૂર્ત પ્રભુનું કાર્ય છે. અવશ્ય આવીશ."

પૂ.શ્રી ભાગવત વિદ્યાપીઠના ખાતમુહૂર્તના કાર્યક્રમમાં પધાર્યા.

ભકતની ભાવનાને અનુકૂળ પ્રતિભાવ આપ્યો અને પૂ.માજીની આજ્ઞાનું પાલન કર્યું.

મહાપુરુષો પોતાની જાત ઘસીને પણ બધાને સંતોષ આપે છે.

•

(૨)

## ભાગવત વિદ્યાપીઠમાં જલધારા

પૂજ્ય કૃષ્ણશંકર શાસ્ત્રી- દાદાજી ભાગવતની કથા કરે.

મૂળ નડિયાદના.

ભાગવત માર્તંડ (સૂર્ય) ગણાય.

અતિ વિદ્વાન અને છતાં પૂ.શ્રી પ્રત્યે દિલનો ઊંડો અને ઊંચો ભાવ.

પૂ.શાસ્ત્રીજીની ઇચ્છા ભાગવત વિદ્યાપીઠની સ્થાપના કરવાની. જગા શોધે.

બધે ફરે પણ મનપસંદ જગા મળે નહિ.

પૂ.શ્રીનાં દર્શને ગયા તો પૂ.શ્રીએ કહ્યું: "શાસ્ત્રીજી! ચિંતા કરશો નહિ. ભગવાન સામેથી આપે તે જગા સ્વીકારજો."

તપાસ ચાલુ હતી.

અમદાવાદ પાસે સોલા નામનું ગામ.
એ સોલા ગામ પાસે સોલાગામની દિવ્યગિરિ-દિવ્યગઢની ટેકરી હતી.
આ સ્થાન ભાગવત વિદ્યાપીઠ માટે મળે એવી શક્યતા હતી.
શાસ્ત્રીજી તો પહોંચ્યા બાપજી પાસે.
બાપજીને કહ્યું: "બાપજી! સોલા પાસે દિવ્યગઢની ટેકરી મળે એવો સંભવ છે."
આ સાંભળીને બાપજી બોલ્યા: "શાસ્ત્રીજી! સંભવ નહિ એ સ્થાન નક્કી જ છે. ભગવાને એ જ સ્થાન મંજૂર કર્યું છે."
ભાગવત વિદ્યાપીઠ માટે એ જગા મળી અને ૧૯૬૭ના વર્ષમાં ૧૩મી માર્ચે એનું ખાતમુહૂર્ત પણ થયું.
પૂ. બાપજી, પૂ. રણછોડદાસજી મહારાજ, પૂ. યોગીજી મહારાજ અને પૂ. મુક્તાનંદબાબા પણ પધારેલા.
શાસ્ત્રીજીએ પૂ.શ્રીને જમીન બતાવવાને બહાને પૂ.શ્રીનાં પગલાં પડાવ્યાં.
ચાલતાં ચાલતાં પાણીની સમસ્યા રજૂ કરી અને પૂછ્યું: "બાપજી! ક્યાં બોરિંગ કરાવું?"
પૂ.શ્રીએ જગા બતાવી.
દાદાજીએ ત્યાં બોરિંગ કરાવ્યું તો પુષ્કળ પાણી નીકળ્યું.

એ બોરિંગ- જલધારાની પાસે જ શાસ્ત્રીજીએ શ્રીરંગમંદિર બાંધવા માટે જગા આપી.

આજે ત્યાં રૂડું-રૂપાળું શ્રીરંગમંદિર શોભી રહ્યું છે.

•

## (૩)

## માતૃઋણનો સ્વીકાર

માતા એ મહિલા નથી, મહિમા છે.

પૂ.શ્રીને મન પૂ.માજી એ સુપ્રીમ કોર્ટ હતા.

નારાયણભાઇના નિધન પછી પૂ.માજીને જરા પણ દુઃખ ન થાય એની પૂરી કાળજી લીધી.

પૂ.માજી માંદા પડ્યા.

માજીની સારવારમાં બહેનો ખડે પગે રહેતી.

ડૉક્ટરો પણ સેવા આપે.

પૂ.શ્રી પણ દિવસમાં બે ત્રણ વાર પૂ.માજીની ખબર કાઢે.

એક વાર પૂ.માજીની પાસે પૂ.શ્રી બેઠા.

પૂ.માજીની માંદગી જોઇ.

એમના મનમાં એક વિચાર ઝબકી ગયો.

સેવામાં મૂળીબેન હતા.

પૂ.શ્રીએ કહ્યું: “મૂળીબેન! પવાલામાં પાણી લાવો.”
મૂળીબેન તો પાણી લઈને હાજર.
એમને થયું પણ ખરું કે બાપજીને પાણીનું શું કામ પડ્યું?
પૂ.શ્રીએ તો પાણીનું પવાલું લીધું.
પૂ.માજી ઉપર બે ત્રણ વાર ફેરવ્યું અને એ ઓવારેલું પાણી પૂ.શ્રી પી ગયા.
પૂ.શ્રીને પાણી પીતાં જોયા અને મૂળીબેનને થયું કે મેં પાણી આપીને ભૂલ કરી.
પૂ.માજીનું દુ:ખ પૂ.શ્રીએ લઈ લીધું એવું મૂળીબેનને લાગ્યું.
હુમાયુની માંદગી બાબર લઈ શકે તો આવા મહાપુરુષ પોતાની માતાનું દુ:ખ ના લઈ શકે?
બે ત્રણ દિવસ પછી પાછો એવો જ પ્રસંગ.
પૂ.શ્રી પૂ.માજી પાસે બેઠા.
સેવામાં મૂળીબેન જ.
પૂ.શ્રીએ કહ્યું: “મૂળીબેન! પવાલામાં પાણી લાવજો.”
મૂળીબેને સાંભળ્યું તો ખરું પણ પાણી લાવ્યા નહિ.
નથી સાંભળ્યું એમ બતાવ્યું.
પૂ.શ્રીએ બીજી વાર કહ્યું.
મૂળીબેને નક્કી કર્યું કે આજે પાણી આપવાની ભૂલ નથી કરવી.

પૂ.શ્રી પોતે ઓવારેલું પાણી પીએ તે કેમ ચાલે?
મૂળીબેને પાણી ના આપ્યું.
પણ આ તો અવધૂત.
સહેજ કડક અવાજે કહ્યું કે "મૂળીબેન! પાણી આપો છો કે જાતે ઊભો થઇને લઇ લઉં?"
મૂળીબેનને પાણી આપવું પડ્યું.
હરિદ્વારમાં દેહ છોડતા પહેલાં પૂ.શ્રીનું શરીર બગડ્યું. ઉધરસ ખાતાં ખાતાં ડૉક્ટર રતિભાઇને કહ્યું કે: "માજીનું લીધું હોય તે ભોગવવું તો પડે ને!"
હે બાળકો! આપણે બસ માતાનું ઋણ ચૂકવી ન શકીએ પણ માતૃઋણનો સ્વીકાર તો કરી જ શકીએ. માતાનું ઋણ સ્વીકારીએ અને બને તેટલું અદા કરીએ તો રંગદાદા જરૂર રાજી થાય.

●

(૪)

## પૂ.માજી બ્રહ્મલીન થયાં

સંવત ૨૦૨૩નો જેઠ માસ.
અગિયારસની તિથિ.
આ એકાદશીને નિર્જળા એકાદશી કહેવાય.
એને ભીમ એકાદશી પણ કહેવામાં આવે છે.
પૂ.શ્રી શાંતિ નિકુંજમાં હતાં અને ત્યાં સંદેશો આવ્યો કે બાપજીને જલદી આવવાનું કહો.
પૂ.શ્રી તરત જ ઊભા થયાં અને પૂ.માજીની કુટિર તરફ ચાલવા માંડ્યુ.
પરંતુ વિચાર આવ્યો કે પૂ.માજીનું સમગ્ર જીવન બ્રહ્મ સંસ્કૃતિના આચાર-વિચારના કડકમાં કડક પાલનથી યુક્ત છે.
અને આ છેલ્લી પળે સ્નાન વિનાનો હું એમને સ્પર્શ કરું?
બસ! આ વિચાર કર્યો નથી ને આકાશમાં એક વાદળી આવી, વરસીને અવધૂતને ભીંજવી ગઇ.
પૂ.શ્રી પૂ.માજીની કુટિરે પહોંચ્યા.
નર્મદાની પરિક્રમાએ જઇ આવેલા ડૉ. રતિલાલ પંડ્યા તે દિવસે ત્યાં જ હતા.

પૂ.શ્રીની અનુમતિથી ડૉકટરે નાડી જોઇ.
નાડી ઓલવાતી જતી હતી.
પૂ.શ્રીએ પૂ.માજીનું માથું પોતાના ખોળામાં લીધું.
પોતાનો જમણો હાથ પૂ.માજીના માથે મૂક્યો.
પોતે ઊંડા ધ્યાનમાં હોય તેમ બેસી રહ્યા.
અલવણી દાદા વેદ મંત્રો બોલવા લાગ્યા.
પૂ.માજીએ દેહ છોડ્યો અને પૂ.શ્રીએ પૂ.માજીનું મસ્તક જમીન ઉપર મૂક્યું.
અશ્રુભીની આંખે ભક્તોએ ભગવાનનો જયજયકાર કર્યો.
ધીરે ધીરે અંત્યસંસ્કારની વિધિ શરૂ થઇ.
પૂ.માજીના દેહને પાલખીમાં મૂક્યો.
ચારે બાજુ ચાર ચાર બ્રાહ્મણો એમ કુલ સોળ બ્રાહ્મણે પાલખી ઊંચકી.
પૂ.શ્રીએ અગ્નિની હાંલ્લી પકડી.
અસ્વસ્થ તબિયત હોવા છતાં સૌથી આગળ થોડું ચાલ્યા અને પછી એ હાંલ્લી લીલોડના શ્રી વિશ્વનાથભાઇ દેસાઇને આપી દીધી.
પૂ.માજીના દેહને નર્મદા સ્નાન કરાવી સ્થાનમાં પાછો લાવવામાં આવ્યો.

હાલમાં જ્યાં માતૃશૈલ છે તે સ્થળે ચંદનની ચિતા ખડકવામાં આવી અને શાસ્ત્રોક્ત વિધિથી પૂ.શ્રીએ દેહને અગ્નિસંસ્કાર કર્યો.

નર્મદા સ્નાન કરાવીને પાછા વળતી વખતે જીવાત્માના પ્રતીકરૂપે એક અશ્મા (પથ્થર)ને લઈ તરભાણામાં પધરાવ્યો.

આ અશ્માનું ઉત્તરક્રિયામાં પૂજન કરવાનું હોય છે.

'દિગંબરા દિગંબરા શ્રીપાદ વલ્લભ દિગંબરા'ની ધૂન વચ્ચે પૂ.માજીનો દેહ પંચભૂતમાં વિલિન થઈ ગયો.

•

## (૫)

## આચરણ દ્વારા ઉપદેશ

મણ ઉપદેશ કરતાં કણ આચરણ અસરકારક છે.

પૂ.શ્રી આચરણ દ્વારા આદર્શોનું જીવંત દર્શન કરાવતાં.

પૂ.માજી સંવત ૨૦૨૩ના જેઠ સુદ અગિયારસે દેવ થયા. એમની ઉત્તરક્રિયા માટે મોરટક્કા (મધ્યપ્રદેશ) ગયા. પોતાની માતાની ઉત્તરક્રિયા કરીને એમણે ભક્તોને બોધ આપ્યો કે માતૃઋણ અદા કરજો.

પૂ.શ્રીના માતાનો તો મોક્ષ હતો જ પણ જો પોતે ઉત્તરક્રિયા ન કરે તો કદાચ બીજા પણ આ પંથે ચાલે.

સમાજમાં અનાચાર વ્યાપે.
એક સામાન્ય પુત્ર જે રીતે પોતાની માતાની ઉત્તરક્રિયા કરે તે જ રીતે આ મહાપુરુષે ઉત્તરક્રિયા કરી.
ઉત્તરક્રિયા કરાવનાર હતા અલવણી દાદા.
અલવણી દાદા મહારાષ્ટ્રીયન કર્મકાંડી અને રંગભક્ત પણ ખરા.
પૂ.શ્રીનું શરીર અસ્વસ્થ હતું.
તાવ પણ હતો.
ધાર્મિક વિધિ લાંબી હતી.
એકથી વધુ વાર સ્નાન કરવું પડતું.
પાછું પૂ.શ્રી તો ઠંડા પાણીથી જ સ્નાન કરે.
જોડેના ભકતોને ચિંતા થઇ.
એમણે અલવણી દાદાને વિધિ ટૂંકાવવાની વિનંતી કરી.
પૂ.શ્રીને ખ્યાલ આવી ગયો.
એમણે અલવણી દાદાને કહ્યું: "મારા માજીએ મારા માટે બહુ દુઃખ વેઠ્યું છે. એમની ઉત્તરક્રિયા જે રીતે થવી જોઈએ એ રીતે જ કરાવજો. મને કોઈ તકલીફ નથી."
અલવણી દાદાએ વિધિસર ઉત્તરક્રિયા કરાવી અને પછી પૂ.શ્રી નારેશ્વર આવ્યા.
પૂ.શ્રી ઉત્તરક્રિયા ના કરે તો ના ચાલે?
એમના માતુશ્રીની ઉત્તરક્રિયા વિના સદ્‌ગતિ ના થાય?

પૂ.શ્રીએ આચાર દ્વારા માતૃભક્તિનો આદર્શ મૂક્યો.
માતા પ્રત્યેના ઋણનો ખ્યાલ રજૂ કર્યો.
બાળકો! માતાને તો સંન્યાસી પણ પગે લાગે એવી શાસ્ત્રમાં જોગવાઈ છે.
મા તે મા.
માતા માતૈવ કેવલમ્ ।

•

## (૬)

## પૂ.માજીની ઉત્તરક્રિયાની વિધિ

પૂ.માજીની ઉત્તરક્રિયા કરવા પૂ.બાપજી મોરટક્કા પધાર્યા હતા.
વિધિ કરાવનાર અલવણીદાદા હતા.
અલવણી દાદા મૂળ સાવંતવાડીના.
પ.પ. શ્રીમદ્ વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના દર્શન કરેલા અને એમની પાસેથી મંત્રદીક્ષા પણ મળેલી.
નવમો દિવસ આવ્યો.
આજે વિધિ શરૂ થવાની હતી.
સવારના આઠ વાગ્યા.

પૂ.શ્રીને ડાબે પગે ઘણો દુ:ખાવો હતો.
ધીમે ધીમે ઉત્તરક્રિયા માટે તૈયાર થયેલા મંડપમાં આવ્યા.
અલવણી દાદાની સૂચના પ્રમાણે પૂ.શ્રીએ કૌપીન દૂર કરી કચ્છ સહિત પંચિયું પહેર્યું.
બધું શાસ્ત્રોક્ત રીતે જ થાય એવો પૂ.શ્રીનો આગ્રહ હતો.
અલવણી દાદાને સંકોચ ન થાય એ રીતે પૂ.બાપજી વર્તતા અને સૂચનાનું અક્ષરશ: પાલન કરતા.
પંચિયું પહેરી સ્નાન માટે બેઠા.
સૌ પ્રથમ જલસ્નાન થયું.
પછી માટીથી સ્નાન થયું.
પછી પાછું જલસ્નાન થયું.
આવું સ્નાન નવ વાર થયું.
પૂ.માજીને દિવંગત થયાને નવ દિવસ થયા હતાં.
અલવણી દાદા મંત્રો બોલતા જાય અને સ્નાન કરાવતા જાય.
સ્નાન બાદ એ ભીનું પંચિયું જ નિચોવીને, જરા હવામાં સૂકવી પાછું પહેરાવ્યું.
નવમાને દિવસે નવ દિવસના અવયવ પિંડ અપાયા.
આદ્ય માસિક શ્રાદ્ધ, નગ્ન પ્રચ્છાદન શ્રાદ્ધ તથા અસ્થિ સંચયન શ્રાદ્ધ એમ ત્રણ શ્રાદ્ધ કર્યા.
૧, ૩, ૫, ૭ અને ૯ એમ પાંચ દિવસના વિષમ શ્રાદ્ધ પણ થયા.

'મા'ના ગર્ભમાં નવ મહિને બાળકના શરીરના બધા જ અવયવો તૈયાર થાય છે તેથી નવમે દિવસે નવ દિવસના નવ પિંડ આપ્યા.

પ્રેતને અર્પણ કરેલા આ બધા પિંડને છેવટે જલમાં પધરાવી દીધા.

પૂ.શ્રીએ કહ્યું કે મૃત શરીર અગ્નિ સંસ્કાર વખતે દઝાયું હોય તેની શાન્તિ માટે જલસમર્પણ.

આ વિધિ બે થી અઢી કલાક ચાલી.

દશમને દિવસે એક જ વાર સ્નાન કરવાનું હતું.

આ દિવસે પ્રેતને ખાવા માટે નૈવેદ્ય અપાય છે.

'વેદિકારાધન' માટીનો એક ત્રિકોણ કરી તેના ઉપર ચાર દિશામાં ચાર અને વચમાં એક એમ કુલડીમાં તલ અને પાણી મૂકી તેના ઉપર પિંડ ગોઠવ્યા.

આત્મસાક્ષાત્કારી સંતે પણ સંસારી પુત્રના જેમ જ વિધિ કરી અને સંસારીઓને રાહ ચિંધ્યો.

●

## (૭)

## પ્રાયશ્ચિત્તવિધિ અને દાનવિધિ

લોકોને શિખવાનું મળે એ હેતુથી પૂ.શ્રીએ પૂ.માજીની બધી જ ઉત્તરક્રિયા કરી.

અગિયારમાના દિવસે પ્રેતાત્મા માટે શ્રાદ્ધવિધિ કરી.

એક માણસ જમે તેટલી બધી જ રસોઇ મંડપમાં કરી.

અગ્નિ આગળ દાન મૂકી, તેમાં જીવાત્માની કલ્પના કરી વિધિસર પતરાળી પીરસી.

ગૃહસ્થનું ભોજન ૩૨ કોળિયા ગણી બત્રીસ આહુતિ અગ્નિમાં હોમવામાં આવી.

આ પછી દાનવિધિમાં ગાયનું દાન થાય છે.

પોતાના માતા-પિતા કે અન્ય સ્વજન માટે શાસ્ત્રોક્ત વિધિ નહિ કરી શકનાર માટે આપણું શાસ્ત્ર પ્રાયશ્ચિત્ત બતાવે છે.

સ્મશાનમાં જઇ બે હાથ ઊંચા કરીને પ્રાયશ્ચિત્તનો નીચેનો શ્લોક બોલવાનો હોય છે.

પૂ.શ્રી એ શ્લોક બોલ્યા અને એનું ગુજરાતી પણ બોલ્યા.

કેવી નમ્રતા?

એમણે તો એમની 'મા' માટે ઘણું ઘણું કર્યું હતું.

શ્લોક હતો:

દરિદ્રોઽહં મહાપાપી હે માત! ક્ષમ્યતાં મમ ।
ક્રિયાં કર્તું ન જાનામિ (ન શકનોમિ), માં ક્ષમસ્વ સહસ્રશ:॥

"હે મા! હું નિર્ધન છું- દરિદ્રી છું, મહાપાપી છું. મને ક્ષમા કરો. ક્રિયા કરવાનું હું જાણતો નથી, ક્રિયા કરવાને હું સમર્થ નથી માટે મને ક્ષમા કરો. હજાર વાર ક્ષમા કરો."

આવી પ્રાયશ્ચિત્તવિધિ કર્યા પછી પણ વિધવિધ પ્રકારનાં દાન કર્યાં.

રાજા-મહારાજાની માફક માતા પાછળ દાન કર્યું હોવા છતાં પોતે એકલા હોય ત્યારે આ શ્લોકનું રટણ કર્યા જ કરે.

કેવી નમ્રતા! બાળસહજભાવે માતૃઋણ સ્વીકારવાની કેવી સરળતા!

અગિયારમાના દિવસે અને બારમાના દિવસે બધી વિધિ કરી જે રીતે સંસારીપુત્ર બધાને જમાડે તેવું જ ભોજન બધાં જમ્યાં.

તેરમાને દિવસે પણ વિધિ કરી અને ચૌદમાના દિવસે પૂ.માજીના પંદરે માસિયા સાથે વળાવ્યા અને આ બધા દિવસો દરમ્યાન દાનનો અવિરત પ્રવાહ તો વહેતો જ રહ્યો.

પૂ.શ્રી બીજે દિવસે જયપુર ગયા.

ત્યાંથી નૈમિષારણ્ય જવાના હતાં.
સાક્ષાત્ દત્તનો અવતાર હોવા છતાં પોતાની માતાની ઉત્તરક્રિયા કરીને ભક્તોને આચાર દ્વારા શિખ આપી અને સંસ્કૃતિને જાળવવાનો બોધ આપ્યો.
આવા ગુરુ મહારાજને અનેકાનેક પ્રણામ.

•

## (૮)

## નૈમિષારણ્યમાં અનુષ્ઠાન

સંવત ૨૦૨૩ની નિર્જળા એકાદશી.
એ દિવસે પૂ. રુકમામ્બાએ શરીર છોડ્યું.
પૂ.શ્રીએ ધોતિયું પહેર્યું.
હાંલ્લી ઊંચકી પાંચ ડગલાં ભર્યાં.
અવધૂત આજે પોતાની માતાનું ઋણ અદા કરતો હતો.
અગ્નિ સંસ્કાર કર્યા પછી પૂ.શ્રી મોરટક્કા ગયા.
ત્યાં પૂ.શ્રીએ પોતાની માતાની યથાવિધિ ઉત્તરક્રિયા કરી.
ઉત્તરક્રિયા પૂરી કરીને અવધૂતજી જયપુર ગયા.
ત્યાં આઠેક દિવસ રોકાયા.

જયપુરથી પૂ.શ્રી ગયા નૈમિષારણ્ય.
"એકદા નૈમિષારણ્યે..." એવી શરૂઆત સત્યનારાયણની કથાની છે.
આવા નૈમિષારણ્યમાં પૂ.શ્રી એક માસના અનુષ્ઠાન માટે પધાર્યા હતા.
શરીર નાદુરસ્ત હોવા છતાં માતૃભક્તિનો દીપ જલાવનાર અવધૂતે અનુષ્ઠાન કર્યું.
દત્તનો અવતાર એવા અવધૂતજી અને નૈમિષારણ્ય જેવું પવિત્ર ધામ.
આવા સ્થળે અવધૂતજી એક માસનું અનુષ્ઠાન કરે તો દેવ-દેવી કેમ રાજી ન થાય?
દિવ્ય અનુભૂતિ કેમ ન થાય?
પૂ.શ્રીને અનુષ્ઠાન દરમ્યાન દિવ્ય અનુભવો થયા.
શંખવનિ સંભળાય, દિવ્ય સ્પંદનો થાય અને અંતઃકરણ પ્રસન્નતાથી, દિવ્ય આનંદથી ભરાઈ જાય, ઉભરાઈ જાય.
પૂ.શ્રીને દર્શન આપીને દેવ-દેવી પણ રાજી થાય એવું વાતાવરણ હતું.
એક દિવસ નૈમિષારણ્યમાં શું બન્યું?
પૂ.શ્રી અનુષ્ઠાન કરતાં હતાં ત્યાં નૈમિષારણ્યના અધિષ્ઠાત્રી માતા લલિતામ્બા પ્રગટ થયા.

બાપજીને હાસ્યવદને દર્શન આપ્યાં.
પૂ.શ્રીએ માતાના સ્વરૂપનું સુ-દર્શન કર્યું.
અને આ દર્શનનું વર્ણન કરતું એક સ્તોત્ર રચ્યું.
લલિતામ્બામાં મા રુકમામ્બાના દર્શન કર્યા.
પૂ.શ્રીએ લલિતામ્બા સ્તોત્રમાં લખ્યું:

નમામિ લલિતાં દેવી સર્વ પાપપ્રણાશિનીમ્ ।
વસન્તિં નૈમિષારણ્યે ભક્ત-વૈભવ કારિણીમ્ ॥

સ્તોત્ર રચતાં રચતાં અવધૂતજીની આંખમાંથી હર્ષાશ્રુ સરી પડ્યાં.
મા લલિતાએ પોતાનો હાથ ઊંચો કરી પોતાના બાળકને આશીર્વાદ આપ્યા.
પોતાનું એક માસનું અનુષ્ઠાન પૂ રું થતાં પૂ.શ્રીએ બ્રાહ્મણોને દક્ષિણા આપી અને ગરીબોને દાન દીધાં.
અમાસને દિવસે ચક્રતીર્થમાં સ્નાન કરી ખૂબ દાન-દક્ષિણા દીધાં.
પોતાના માતાની વિરહ વેદનાને વળાંક આપતું આવું અનુષ્ઠાન આપણને પણ સાચી દિશા સૂઝાડે એવી અવધૂત ચરણે પ્રાર્થના.

●

## (૯)

# નૈમિષારણ્યથી લીંચ

નૈમિષારણ્યનું અનુષ્ઠાન પૂરું થયું.
મા રુકમામ્બાના વિયોગની વેદના મા લલિતામ્બાએ દર્શન દઈને દૂર કરી.
અવધૂતજી નૈમિષારણ્યથી નીકળી બ્રહ્માવર્તમાં આવ્યા.
બ્રહ્માવર્તમાં પૂ.શ્રીના સદ્‌ગુરુ સ્વામી મહારાજે ચાતુર્માસ કર્યો હતો.
સ્વામી મહારાજના સ્મૃતિચિહ્નો અહીં જાળવવામાં આવ્યાં હોવાથી દર્શનનો લાભ મળે એમ હતું.
પૂ.શ્રીને મન બ્રહ્માવર્ત એટલે અનન્ય તીર્થ.
નોખું અને ન્યારું યાત્રાધામ.
પૂ.શ્રી બ્રહ્માવર્ત પહોંચ્યા.
દત્તમંદિરે ગયા.
દત્ત ભગવાનનાં દર્શન કર્યા.
દત્તપ્રભુને પ્રણામ કરી પૂ.શ્રી સ્વામી મહારાજનાં દર્શને ગયા.
એમના સ્મૃતિ ચિહ્નોનાં ભાવપૂર્વક દર્શન કર્યાં.
સ્વામી મહારાજની છાટી, કમંડળ, જેના પર બેસતા તે પાટલો વગેરેનાં દર્શન કરતાં કરતાં અવધૂતજી

ગદ્ગદ્ થઈ ગયા.
પૂ.શ્રીએ રચેલી ધૂન 'શ્રીમદ્ વાસુદેવ સ્વામિન્! દયાબ્ધે તારકપદદાયિન્!' ગાવાની ભક્તોને આજ્ઞા કરી.
ભક્તોએ ભાવપૂર્વક ધૂનથી વાયુમંડલ ભરી દીધું.
ચિત્તશુદ્ધિ માટે પૂ.શ્રીએ ભક્તોને 'વાસુદેવનામસુધા'નો પાઠ કરવા કહ્યું.
'વાસુદેવનામસુધા' એ પૂ.શ્રીએ ઈ.સ. ૧૯૨૮માં ભરૂચમાં રચેલું ૧૦૮ શ્લોકનું સ્તોત્ર છે.
સ્વામી મહારાજની સંક્ષિપ્ત જીવનગાથા છે.
પોતાના નિત્યપાઠ માટે એ સ્તોત્ર રચાયું હતું.
બ્રહ્માવર્તથી પાછા દિલ્હી પધાર્યા અને ત્યાંથી લીંચ જવા નીકળ્યા.
પૂ.શ્રી મહેસાણા સ્ટેશને ઉતર્યા.
મહેસાણાથી ભાવનગર મેલમાં બેસી લીંચ સ્ટેશને ઉતર્યા.
લીંચ સ્ટેશનથી ઘોડાગાડીમાં બેસી અવધૂતજી કુટિર ઉપર આવ્યા.
ગામડાના લોકોનો શુદ્ધ ભાવ અને હૈયાનો ઉમળકો એવો હોય કે સંત પણ પ્રસન્ન થઈ જાય.
ભવ્ય સ્વાગત થયું.

બ્રહ્માવર્તથી પૂ.શ્રી જયપુર જઇને લીંચ આવ્યા ત્યારે સેવામાં ડૉ. રતિલાલભાઇ પંડ્યા હતા.

જયપુરથી મહેસાણા દિલ્હીમેલમાં આવતા હતા ત્યારે એમણે પૂ.શ્રીને એક પ્રશ્ન પૂછ્યો.

પ્રશ્ન ખૂબ ગંભીર કહેવાય પણ પ્રશ્ન પૂછવાની પદ્ધતિ પૂરેપૂરી વિવેકવાળી હતી.

મુ. રતિભાઇએ પૂ.શ્રીને પૂછ્યું: "બાપજી! આપનું આયુષ્ય માર્કંડઋષિના જેટલું હો. આમ છતાં એક દિવસ તો આપ દેહ છોડશો જ. તો આ દેહ આપ ક્યાં છોડશો?"

પૂ.શ્રી ગંભીર બન્યા છતાં હળવાશથી કહ્યું: "હજી દેહ છોડવા અંગે મેં વિચાર્યું નથી પરંતુ જો ગુજરાતમાં દેહ છોડીશ તો લીંચમાં છોડીશ."

પૂ.શ્રીને લીંચ કેટલું વહાલું હશે તે આના ઉપરથી સમજાય છે.

એટલે તો લીંચ એ અવધૂતજીનું ગોકુળિયું ગામ કહેવાય છે.

લીંચમાં પૂ.શ્રીની સગવડ સચવાય એટલા માટે નવી વિશાળ કુટિર બાંધવામાં આવી હતી.

પૂ.શ્રી લીંચમાં ઇ.સ. ૧૯૬૭માં બાવીસ દિવસ રોકાયા અને લીંચના લોકોને અવધૂત દર્શનનો લાભ મળ્યો.

●

# (૧૦)

# તને આ બધું કોણ સૂઝાડે છે?

પૂ.શ્રી રંગ અવધૂતજી જયપુરથી લીંચ પધાર્યા.
લીંચ એટલે અવધૂતજીનું ગોકુળ.
અહીં પ્રેમથી ભરેલું વાતાવરણ.
શિસ્ત ખૂબ જ સરસ પરંતુ લોકો સાથેનો વ્યવહાર પણ માનવતાભર્યો.
પૂ.શ્રીને આવું વાતાવરણ ખૂબ ગમે.
પોતાનું સચવાય અને લોકોનું પણ જળવાય ત્યારે વ્યવસ્થા સાચી ગણાય.
નવી કુટિરમાં મુકામ હતો.
સંતને મન ભક્તનો ભાવ ખૂબ જ મહત્ત્વનો ગણાય.
એ ભક્ત જે કાંઇ વ્યવસ્થા કરે છે એમાં એની સૂઝ, સમજ અને હૃદયનો પ્રેમ વ્યક્ત થાય છે.
બધાને સાથે રાખીને પૂ.શ્રી માટેની વ્યવસ્થા ગોઠવવાની મુ. બચુભાઇ (હાલના પૂ. પ્રેમ અવધૂતજી)ની વૃત્તિ પૂ.શ્રીને ખૂબ ગમતી.
પૂ.શ્રી ભિક્ષા લીધા પછી થોડો સમય આરામ કરે.
આ સમય દરમ્યાન દર્શન બંધ.
આમ છતાં કોઇ ભક્ત એવો પણ આવે કે જે દર્શન કર્યા પછી જ પાણી પીવાનો નિયમ લઇને આવ્યો હોય.

આવી પરિસ્થિતિમાં શું કરવું?
પૂ.શ્રીને ખલેલ થવી ન જોઇએ અને છતાં ભકતનો નિયમ પળાવવો જોઇએ.
અને વહેલી તકે પૂ.શ્રીના દર્શન થવા જોઇએ.
આ સમસ્યાનો ઉપાય શો?
મુ. બચુભાઇએ પૂ.શ્રીનાં દર્શન બહારથી થઇ શકે એ રીતે બારીની ગોઠવણી કરી હતી.
લાકડાની બારી બહારથી ખોલીએ એટલે કાચની બારી હોય.
આ કાચની બારીમાં બે હાથનું છજું બનાવીને વ્યક્તિ જુએ તો અંદર આરામ કરતા પૂ.શ્રીનાં દર્શન થઇ જાય.
પૂ.શ્રીને આરામમાં વિક્ષેપ ન પડે અને ભકતને દર્શન કર્યાનો સંતોષ થાય.
પૂ.શ્રીને આ વ્યવસ્થાની વાત કરી અને બારી પણ બતાવી.
પૂ.શ્રી રાજી થયા.
પૂ.શ્રીને આંખ ઉપર પ્રકાશ આવે તે માફક નો'તું આવતું.
પરંતુ સાંજ પછી રૂમમાં લાઇટ (Light) તો કરવી જ પડે.
રૂમમાં પ્રકાશ પથરાય અને પૂ.શ્રીની આંખ પર પ્રકાશ ન આવે એવું કંઇ કરીએ તો?

શું કરી શકાય?
મુ. બચુભાઈને ઉપાય સ્ફૂર્યો.
પૂ.શ્રીની પાટ નીચે લાઈટનો ગોળો મૂકીએ તો?
પ્રકાશ પથરાય અને છતાં બાપજીની આંખ ઉપર પ્રકાશ ના આવે. એવી વ્યવસ્થા થઈ ગઈ.
પૂ.શ્રીની પધરામણી થઈ એટલે પૂ.શ્રીને આ વ્યવસ્થા બતાવી.
પૂ.શ્રી રાજી રાજી થઈ ગયા.
એમણે મુ.બચુભાઈને તરત જ પૂછ્યું: "આ બધું તને કોણ સૂઝાડે છે?"
મુ. બચુભાઈ અને પૂ. બાપજી બંનેને આ પ્રશ્નના જવાબની ખબર જ હતી.
મુ. બચુભાઈના અંતરમાં બેસીને અને એમની બુદ્ધિમાં પેસીને આવું બધું સૂઝાડનાર પોતે જ પ્રશ્ન પૂછી રહ્યા હતા એનો ભક્ત બચુભાઈ શું જવાબ આપે?
અને જવાબ ન આપે તેથી જવાબ ન આપ્યો એવું પણ કોણ કહેશે?
બે અંતર મળ્યા હોય, બે અંતર વચ્ચે અંતર ના હોય ત્યારે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં રાખેલું મૌન એ જ સાચો જવાબ ગણાય.

●

# (૧૧)

## ભલે દેવ ન માનો, દેવદૂત તો છીએ જ.

મુંબઇ શહેર.

એમાં ગ્રાન્ટ રોડ પાસે તારદેવ રોડ પર એક રંગભક્ત રહે.

નામ એનું કાંતિલાલ મહાદેવીઆ.

સને ૧૯૬૭ની સાલ. ઓક્ટોબર માસ.

પૂ.શ્રી આફ્રિકા જવાના હતા.

મુંબઇથી વિમાન માર્ગે જવાનું.

ભગવાનનું કરવું તે પરદેશ જવાની વિધિમાં કોઇ ભૂલ થયેલી તે બે દિવસ મુંબઇ રહેવાની ફરજ પડી.

ખારમાં પૂ.શ્રીનો મુકામ.

દર્શનાર્થીની ભીડ તો જામે જ.

આ કાંતિભાઇને તે સમયે માનસિક હતાશા- (Mental Depression) - આવેલી.

મન એકદમ ભયભીત.

પોતાના ફ્લેટમાંથી નીચે આવતાં પણ બીએ.

હું નીચે ઉતરું ને મને કંઇ થઇ જાય તો?

કંઇ થઇ જાય એટલે કે હું મરી જઉં તો?

જાતમાંથી વિશ્વાસ જ ઊઠી ગયેલો.

આવી માનસિક પરિસ્થિતિ વ્યક્તિને મૂંઝવે.
પૂ. બાપજીનો ખારમાં મુકામ છે એ જાણતાં મનમાં વિશ્વાસ જન્મ્યો.
પૂ.શ્રીમાં અડગ વિશ્વાસ.
એ તો ઉપડ્યા ખાર.
દર્શન માટે ઊભા રહ્યા.
પોતાનો વારો આવ્યો એટલે પૂ.શ્રીને પગે લાગ્યા.
પોતાની મૂંઝવણ જણાવી: "બાપજી! મને બહુ બીક લાગે છે."
બાપજીએ કહ્યું: "મહાદેવીઆ! તમે અમને ભલે દેવ ન માનો, પણ અમે દેવદૂત તો છીએ જ. હવે તમારે બીક રાખવાની કોઈ જરૂર નથી. અવધૂત તમારી સાથે જ છે. તમે જ્યારે પણ યાદ કરશો ત્યારે હું તમારી સાથે જ હોઈશ."
બાપજીના આ વાક્યોથી મહાદેવીઆની હતાશા ગઈ.
મનમાં વિશ્વાસ આવી ગયો.
મારા ગુરુદેવ મારી સાથે જ છે એ વાત દિલમાં વસી ગઈ.
એક બે વાર એમને અનુભવ પણ થયો કે પૂ.શ્રી જોડે રહે જ છે.
બસ! આજની ઘડી ને કાલનો દિવસ.

કાંતિભાઈ સ્વસ્થ થઈ ગયા.
અને ત્યાર પછી ઘણા વર્ષો આનંદથી જીવ્યા.
છેક સને ૨૦૦૩માં મૃત્યુ પામ્યા.

•

## (૧૨)

## અવધૂતજી આફ્રિકામાં

પૂ.શ્રી નૈમિષારણ્યથી લીંચ પધાર્યા.
બાવીસ દિવસનો મુકામ કર્યો.
દર્શનાર્થીની ભારે ભીડ.
આનું કારણ પૂ.શ્રી આફ્રિકા જવાના હતા તે હતું.
નડિયાદમાં મણિભાઈ પટેલ નામે એક રંગ ભક્ત રહે.
એમના પત્નીનું નામ કાશીબેન.
બંનેનો ભાવ પારખીને પૂ.શ્રીએ આફ્રિકા આવીશ એવું વચન આપેલું.
શ્રી મણિભાઈ સ્વર્ગસ્થ થયા પછી પણ કાશીબેન પૂ.શ્રીને વચનનું સ્મરણ કરાવ્યા કરે.
એ વચન ખાતર પૂ.શ્રીની લીંચથી મુંબઈ થઈ આફ્રિકા જવાની વ્યવસ્થા થઈ.

પૂ.શ્રી લીંચથી અમદાવાદ ગયા અને ત્યાંથી વિમાનમાં મુંબઇ ગયા.

પૂ.શ્રી સાથે સેવામાં ભગતજી હતા.

બીજા ત્રણેક ભક્તો સ્ટીમર દ્વારા વહેલા રવાના થયા હતાં.

પૂ.શ્રીએ આફ્રિકામાં જઇને લોકોને ખૂબ પ્રભાવિત કર્યા.

પૈસાને સ્પર્શ ના કરે એ વાતની લોકોને ખૂબ નવાઇ લાગી.

સામાન્ય રીતે સંતો તો પરદેશમાં જઇને ઉઘરાણું જ કરતાં હોય છે.

બાળકો સાથે પૂ.શ્રીનો વાર્તાલાપ થયો.

પૂ.શ્રીએ 'એવો દિ' દેખાડ વ્હાલા'વાળું ભજન ગાઇ સંભળાવ્યું.

બાળકોના પ્રશ્નોના સરસ જવાબ આપ્યા.

કાશીબેને પૂ.શ્રીની ૭૦મી રંગજયંતી ઉજવી.

પોતાની સંસ્કૃતિને અકબંધ જાળવી.

અનાજ છોડ્યું.

ભિક્ષામાં દૂધ અને ફળ વગેરે રાખ્યા.

પૂ.માજીએ કાશીબેનના આમંત્રણના સંદર્ભમાં જવાનું કહેલું એટલે પૂ.માજીનું વચન પાળવા પૂ.શ્રી આફ્રિકા ગયા અને કમ્પાલા પધાર્યા.

આફ્રિકામાં પૂ.શ્રી કુલ પાંચ રાજ્યોમાં ફર્યા.

પાંચેક મહિનાના ટૂંકા ગાળામાં પૂ.શ્રી યુગાન્ડા, કેન્યા, ઝાંબિયા, રોડેશિયા અને મલાવી એમ પાંચ રાજ્યોમાં ફર્યા.

આફ્રિકામાં લોકોએ ઘણો આગ્રહ કર્યો છતાં પૂ.શ્રી ૧૯૬૮ની ફેબ્રુઆરીના અંતભાગમાં ભારત પાછા ફર્યા.

મુંબઈ ન રોકાતાં સીધાં વલસાડ બાળકૃષ્ણભાઈ ત્રિપાઠીને ત્યાં મુકામ કરી પછી પારનેરાના ડુંગર ઉપર મુકામ કર્યો હતો.

•

## (૧૩)

## શ્રદ્ધા શઢ ફેલાવ્યો

નડિયાદમાં મણિભાઈ પટેલ નામે રંગભક્ત રહે.

એમની પત્નીનો ભાવ ઓળખીને પૂ.બાપજીએ "આફ્રિકા આવીશ" એવું વચન આપેલું.

પૂ.માજી બ્રહ્મલીન થયા પછી ૧૯૬૭માં પૂ.શ્રી આફ્રિકા ગયા.

મણિભાઈ તો સ્વર્ગસ્થ હતા પણ એમના પત્ની કાશીબેને યાદ કરાવ્યું એટલે પૂ.શ્રી ગયા.

કાશીબેને પૂ.માજીની સેવા કરેલી.
સામાન્ય રીતે પરદેશ જનારા સંતો પૈસાનું ઉઘરાણું પણ કરતા હોય છે.
પૂ.શ્રીએ તો આપવાનું જ કાર્ય કર્યું.
ત્યાંના યુરોપીયન સદ્‌ગૃહસ્થોને ખૂબ નવાઇ લાગી.
આ વૃત્તિનો ખૂબ પ્રભાવ પડ્યો.
પૂ.શ્રી રંગના રંગે ઘણા બધા રંગાયા.
એવામાં એક આફ્રિકન બાઇ દર્શને આવી.
એણે એકલીએ ભારત જવું પડે એમ હતું.
એકલા જવામાં એને ડર લાગતો હતો.
પોતાના મનની વાત એણે પૂ.શ્રીને કરતાં કહ્યું: "બાપજી! હું ભારત જવાની છું. પણ એકલી છું તેથી મને ડર લાગે છે."
પૂ.શ્રીએ એમને પોતાનો ફોટો આપ્યો.
ફોટો આપીને કહ્યું: "તું એકલી નથી. તારી સાથે ભગવાન છે. તેં ભલે ભગવાનને નથી જોયો પણ મેં તો જોયો છે ને! હું તારી સાથે જ છું."
પૂ.શ્રીએ એવા પ્રેમથી વાત કરી કે પેલા બહેનને વિશ્વાસ આવી ગયો.
એના મનમાંથી ડર નીકળી ગયો.

એના મનમાં પૂરી શ્રદ્ધા જાગી છે કે મારી સાથે ભગવાન સ્વરૂપ અવધૂતજી છે. અને ભગવાન સાથે હોય પછી ડર શાનો?

બધે શ્રદ્ધા ફળે છે, મંત્ર કે દેવતા નહિ એ સાચું જ છે.

શ્રદ્ધા ફલતિ સર્વત્ર, ન મંત્રો ન ચ દૈવતમ્ ।

•

## (૧૪)

## પ્રતિષ્ઠા સૂકરી વિષ્ઠા

કંચન (સોનું) અને કામિનીને છોડનારા કીર્તિનો મોહ છોડી શકતા નથી.

પૂ.શ્રીએ તો પહેલેથી પ્રતિષ્ઠા પામવાની વૃત્તિને તિલાંજલી આપી હતી.

પાંચ 'પ'ના ત્યાગમાં આ પ્રતિષ્ઠાનો 'પ' પણ ખરો.

એક ભકતના આમંત્રણને માન આપીને પૂ.શ્રી આફ્રિકા ગયા.

પૂ.શ્રી માતુશ્રીના બ્રહ્મલીન થયા પછી જ આફ્રિકા ગયા. આફ્રિકાથી પરત થવાના હતા ત્યારે કવિ કરસનદાસ માણેક અને કેટલાક લેખકોને પૂ.શ્રીનું સન્માન કરવાનો વિચાર આવ્યો.

પૂ.શ્રી મુંબઇ ઉતરે એટલે મુંબઇમાં એક સભાનું આયોજન વિચારાયું.

પૂ.શ્રીને આ વાતની ખબર પડી.

પોતાનું આ રીતે સ્વાગત અને સન્માન થાય એ એમને ના ગમે.

પોતાની પ્રતિષ્ઠાની ધજા ફરકે એવું ના ઇચ્છે.

પૂ.શ્રીએ એનો ઉપાય મનમાં ને મનમાં વિચારી લીધો.

સમગ્ર કાર્યક્રમ જ બદલી નાંખ્યો.

આફ્રિકાથી મુંબઇ આવીને મુંબઇ રોકાવાનો પ્રોગ્રામ રદ થયો.

પૂ.શ્રી મુંબઇથી ટ્રેન દ્વારા સીધા વલસાડ આવી ગયા અને પારનેરા ડુંગર પર મુકામ ગોઠવ્યો.

કવિ અને લેખકો ભેગા થઇને શું કરવાના હતા?

તેઓ પૂ.શ્રીના ગુણાનુવાદ જ કરત ને!

પોતાના વખાણ સાંભળીને શું કરવાનું?

પ્રતિષ્ઠાત્મક આવી પ્રવૃત્તિને ત્યજવામાં જ કલ્યાણ છે.

અભિમાન, ગૌરવ અને પ્રતિષ્ઠાને તો છોડ્યે જ કલ્યાણ છે.

પૂ.શ્રીને મન તો પ્રતિષ્ઠા સૂકર (ભૂંડ)ની વિષ્ઠા સમાન હતી.

●

# (૧૫)

## નજીકનાને નિરાશ કર્યા

પૂ.શ્રી પરદેશ ગયા એનો ભક્તોને મન ખૂબ આનંદ હતો.

બાપજી તો આફ્રિકાથી પાછા ભારત આવ્યા.

મુંબઈથી આવ્યા સીધા વલસાડ.

અને પછી વલસાડથી બીલીમોરા, ગણદેવી વગેરે સ્થળોએ ફરતા ફરતા અછાલિયા આવ્યા.

પૂ.શ્રી દર વર્ષે એક વાર અછાલિયામાં મુકામ કરે.

અછાલિયાના રાવની પૂ.શ્રી પ્રત્યેની ભક્તિ ખૂબ ઊંચી.

નર્મદાના કિનારે એક બાજુ નારેશ્વર.

એની સામેના ભાગે વેળુગામ અને વેળુગામથી થોડે દૂર અછાલિયા આવેલું છે.

પૂ.શ્રી અછાલિયા આવી ગયા છે એવું જાણ્યું એટલે નારેશ્વરમાં પૂ.શ્રીના ભવ્ય સ્વાગતની તૈયારીઓ શરૂ થઈ.

મુ. મોદીકાકાની આગેવાની હેઠળ તૈયારીઓ ચાલતી હતી.

પૂ.શ્રી પરદેશનો પ્રવાસ કરીને પાછા ફરતા હતા એના માનમાં સ્વાગતની તૈયારીઓ ચાલતી હતી.

પરંતુ "મેરે મન કછુ ઔર હૈ, પ્રભુકે મન કછુ ઔર" એ નિયમાનુસાર મુ. મોદીકાકાના મનમાં કંઇ હતું અને પૂ. બાપજીના મનમાં કંઇ બીજું જ હતું.

પોતાના સ્થાનમાં આવું સ્વાગત થાય તે પૂ.શ્રીને ના ગમે.

સ્વાગત કરનારને સ્વાગત કરવાની ના કહે તો એ લોકો માને નહિ.

પૂ.શ્રીએ નવી જ યોજના ઘડી.

અછાલિયા જેના ઘરે મુકામ હતો તેના ભાણા કિશોરને સાથે રાખ્યો.

રાત્રે બધા સૂઇ ગયા એટલે એમને સૂતા રાખીને પૂ.શ્રી રાત્રે લગભગ ૧૦-૪૫ વાગ્યે બળદગાડામાં નીકળ્યા.

આખું ગામ ઊંઘતું હતું.

સવારે બધા જાગશે ત્યારે જાણશે અને જાણશે ત્યારે રડશે એ પૂ.શ્રી જાણતા હતા.

વેળુગામ આવી ત્યાંથી નાવડીમાં બેઠા.

લગભગ રાત્રે ૧-૪૫ વાગ્યે નારેશ્વર નર્મદાના કિનારે આવ્યા.

નારેશ્વર શાંત થઇ ગયું હતું.

સાથેના બે માણસો પૂ.શ્રીને ખુરશીમાં બેસાડી શાંતિકુંજને ઓટલે લાવ્યા.

પૂ.શ્રીને ત્યાં બેસાડ્યા.
વહેલી સવારે નારેશ્વરમાં પૂ.શ્રીને જોઇને બધા આશ્ચર્યમાં ડૂબી ગયા.
સ્વાગતની યોજના પર પાણી ફરી વળ્યું.
સ્વાગતની મનોકામના મનમાં ને મનમાં જ રહી ગઇ.
નજીકનાં માણસો નિરાશ થઇ ગયાં.
નજીકનાં માણસો કંઇ યોગ્ય ન કરતાં હોય તો એમને આ રીતે નિરાશ કરીને બોધપાઠ આપવાનું અવધૂતજીને આવડતું.

●

## (૧૬)

## માતૃશૈલની શાસ્ત્રોક્ત વિધિ:

પૂ.શ્રી આફ્રિકાથી પાછા આવ્યા અને સીધા આવ્યા વલસાડ.
પારનેરાના ડુંગર પર મુકામ રાખ્યો.
ત્યાંથી તા. ૧-૩-૧૯૬૮ના રોજ બીલીમોરા અવધૂત વાડીમાં પધાર્યા.
અવધૂત વાડીથી આવ્યા ગણદેવી.
ગણદેવીમાં શ્રી છગન લાલ ગજીવાળાને ત્યાં યજ્ઞ હતો.

ગણદેવીમાં વેગણીઆ નદીના કિનારે પૂ.શ્રીનો બે દિવસનો મુકામ હતો.

સિદ્ધપુરની જેમ નારેશ્વર પણ માતૃતીર્થ બને એવી દષ્ટિથી માતૃશૈલની સ્થાપના થવાની હતી.

પૂ.શ્રીએ નારેશ્વરના સર્વધર્મકર્મ આચાર્ય શ્રી શિવપ્રસાદ જોષી સાથે વિચાર પરામર્શ કર્યો.

મુ. જોષીકાકાએ દેવપ્રાસાદ માટે શિલાન્યાસની આવશ્યકતા સ્વીકારી સૂરતના અગ્નિહોત્રી બ્રાહ્મણ શ્રી મહાશંકર શુક્લ (છનુકાકા) વધુ જાણકાર છે એમ પણ કહ્યું.

છનુકાકાને પૂ.શ્રીનું તેડું આવ્યું.

છનુકાકા પોતાના પુત્ર શ્રી નિલકંઠભાઈ સાથે ગયા.

અગ્નિપુરાણ, શિલ્પરત્નાકરાદિ ગ્રંથોમાં વિશદ વિગતો આપેલી છે.

ગણદેવીમાં ગુણદીપિકા પ્રાપ્ત થઈ.

અગ્નિપુરાણના અધ્યાય ૩૮, ૯૨, ૯૩ અને ૯૪ પ્રકરણોને આધારે શ્રીનિલકંઠભાઇએ વિધિની વિગતો તૈયાર કરી.

તા. ૧૭-૪-૧૯૬૮ના રોજ પૂ.શ્રી અછાલીઆ હતા ત્યાં ગયા.

બધી વિગતો જણાવતી ડાયરી પૂ.શ્રીના હાથમાં મૂકી.

પૂ.શ્રીએ શાંતિથી બધું વાંચ્યું અને આનંદપૂર્વક જણાવ્યું: "છનુભાઈને કહેજો કે આ પ્રમાણે જ નારેશ્વર ખાતે માતૃશૈલના નિર્માણની વિધિ કરવાની છે."

સંવત ૨૦૨૪ના વૈશાખ સુદ ચોથ ને ગુરુવાર તા. ૨-૫-૧૯૬૮નો મંગલ દિવસ શિલાન્યાસના મુહૂર્ત માટે નક્કી થયો.

આ દિવસ પહેલાં શુભ દિને ભૂમિપૂજન, ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું.

એ જગ્યાએ ઊંડો ખાડો તૈયાર કરવામાં આવ્યો.

શ્રીશિવપ્રસાદ જોષી, શ્રી છનુકાકા અગ્નિહોત્રી, શ્રી ચંદ્રકાંતભાઈ શુક્લ, પરિક્ષિતભાઈ ઓઝા ઇત્યાદિ વિદ્વાન વેદ-કર્મકાંડ-પંડિતો દ્વારા વિધિ સંપન્ન થવાની હતી.

શિલાન્યાસ માટેના ઊંડા ખાડામાં નાદુરસ્ત તબિયત હોવા છતાં પૂ.બાપજી નિસરણી દ્વારા નીચે ઉતર્યા.

પાટલા ઉપર પલાઠી વાળીને બેઠા.

મુ. શિવપ્રસાદ જોષીએ છનુકાકા દ્વારા પૂ.શ્રી પાસે પ્રધાન સંકલ્પ કરાવ્યો.

સંકલ્પ કંઈક આવો હતો:

"અત્રિગોત્રોત્પન્નઃ .......નારેશ્વર તીર્થક્ષેત્રે પરામ્બા રુકમામ્બા પુણ્યસ્મૃતિ હેતવે નિર્માણસ્યમાન

માતૃસ્મૃતિ શૈલ નિર્માણાં ગત્વેન શિલાન્યાસાખ્યં કર્મ કરિષ્યે।" અવધૂત ચિંતન શ્રીગુરુદેવ દત્ત.

અંગ સંકલ્પ, ગણપતિપૂજન, સ્વસ્તિ પુણ્યાહવાચન, માતૃકાપૂજન, નાંદીશ્રાદ્ધ, બ્રાહ્મણવરણ આદિ વિધિ થઇ.

પરબ્રહ્મ સ્વરૂપ અવધૂત પૂજા કરવા બેસે ત્યારે પૂજા કરાવનાર વિદ્ધાનોના હૈયામાં તો આનંદનો મહેરામણ જ ઉમટેને!

સ્નાનમંડપમાં નંદા,ભદ્રા, જયા, પૂર્ણા, અજિતા, અપરાજિતા, વિજયા, મંગલા એવી આઠશિલા તથા મુખ્ય શિલા ધરણી- કૂર્મશિલા- એમ કુલ્લે નવ શિલાને વિવિધ મૃત્તિકા (માટી), કષાય, ગોમૂત્ર, ગોમય (ગાયનું છાણ), ગંધોદક, મલાપકર્ષ, પંચગવ્ય, દૂધ, દહીં, ઘી, મધ, શર્કરા, શુદ્ધોદક, ફૂલ, નવરત્ન, શૃંગોદક, સપ્તધાન્ય, તીર્થ, ગંધ તથા ક્ષાર, દૂધ, દહીં, ઘી, આવ, શેરડીનો રસ, મીઠાશવાળું જળ, ગર્ભોદક (તરોપાનું જળ) અને અન્ય મંગળ કળશો વડે સ્નાન કરાવી પવિત્ર કટકાથી લૂછી, ચંદન, કંકુ, અત્તર, અક્ષત, પુષ્પ, દૂર્વા, બીલી, તુલસી-અર્પણ કરાયા.

સૌભાગ્ય દ્રવ્ય (અબીલ, ગુલાલ વગેરે) અર્પણ થયું.

અગ્ન્યાદિ ક્રમથી લાલ, શ્યામ, આસમાની, ઝાંખો

સફેદ, લીલું, શ્વેત તથા પીળા રંગથી ભૂષિત વસ્ત્રો અર્પણ થયા.

વચલી શિલા પર પીળા રંગનું વસ્ત્ર.

આ આઠ શિલાઓમાં પૂર્વ દિશાથી શરૂ કરતાં લોકપાલ દેવોના સાંકેતિક આયુધો-વજ્ર, શક્તિ, દંડ, ખડ્ગ, નાગપાશ, ધ્વજ અથવા અંકુશ ત્રિશૂલ તથા વચલી, ચોરસ શિલાના નવ ભાગમાં જલ લહેર, મત્સ્ય, મેઢક (દેડકો), મગર, ગ્રાસ, કુંભ, સર્પ, શંખ અને બરાબર વચમાં કૂર્મ-કાચબો.

બધી શિલાઓની નીચે તાંબાના કળશ-સુભદ્ર, વિભદ્ર, સુનંદ, પુષ્પનંદ, જય, વિજય, કુંભ, પૂર્ણ, ઉત્તર એવા નવ નિધિ કુંભ સ્થાપન થયાં.

બધી શિલાઓમાં તત્ત્વાદિન્યાસ આદિ વિશિષ્ટ કર્મ કરી પુષ્પમાલા, વિવિધ પુષ્પો અર્પણ કરવામાં આવ્યા.

દરેક શિલા ઉપર ઢાંકણ શિલા મૂકવામાં આવી.

ત્યાર બાદ આ સ્થાનને વૈશિષ્ટ્ય પ્રદાનાર્થ શ્રીયંત્ર પ્રતિષ્ઠાદિ- વિધિ કરવામાં આવી.

શ્રીયંત્ર તથા પૂ.બાપજીના અક્ષર વિન્યાસ 'ૐ પરસ્પરદેવો ભવ', રંગ અવધૂત-નારેશ્વર (ગુજરાત)વાળા તામ્રપટ તૈયાર કરાવ્યા હતા.

૯"x૯"ના ચતુરસ્ર તામ્રપટ પર ઉપસાવેલી રેખાના આ બે માતૃનિધિ તથા દત્તરંગનિધિની પ્રતિષ્ઠા શ્રીવિદ્યાના જાણકાર મુ.છનુકાકાએ કરાવી.

શ્રીયંત્ર તો સુલભ છે પરંતુ માતૃશૈલમાં શ્રીયંત્ર સાથે મૂકેલું પૂ.શ્રીનું દિવ્ય સૂત્ર- પરસ્પરદેવો ભવ- એ વિશિષ્ટ વસ્તુ છે.

માતૃસ્મૃતિ શૈલની આકૃતિમાં મધ્યશિલાના કેન્દ્રમાંથી ભૂવિતલ સુધી તાંબાનો નળો મૂકેલો છે.

માતૃસ્મૃતિ શૈલનું ધાર્મિક કાર્ય પૂરું થયું અને માતૃસ્મૃતિ શૈલનું નિર્માણ થયું.

આજે પણ અવધૂતજીની માતૃભક્તિના પ્રતીકરૂપ માતૃસ્મૃતિ શૈલ ખડો છે.

●

(૧૭)

## માતૃસ્મૃતિ શૈલ- અનોખું માતૃસ્મારક

સંવત ૨૦૨૩નો જેઠ મહિનો.

શુક્લ પક્ષની અગિયારસ.

આ અગિયારસને ભીમ એકાદશી કહે અને નિર્જળા એકાદશી પણ કહે.

એ દિવસે પૂ. રુકમામ્બાએ દેહ મૂક્યો.

હંમેશાં લંગોટભેર રહેનાર અવધૂતજીએ તે દિવસે ધોતિયું પહેર્યું અને પૂ.માજીના નિમિત્તે હાંલ્લી પકડી.

પૂ.શ્રીએ હાંલ્લી સાથે પાંચ ડગલાં ભર્યાં અને પછી હાંલ્લી લીલોડના શ્રી વિશ્વનાથભાઇ દેસાઇને સોંપી દીધી.

મોરટક્કા જઇને પૂ.શ્રીએ મા રુકમામ્બાની વિધિવત્ ઉત્તરક્રિયા કરી.

એક સાંસારિક પુત્ર જે રીતે માતાની ઉત્તરક્રિયા કરે એ જ રીતે અવધૂતજીએ ઉત્તરક્રિયા કરી અને માતૃઋણ અદા કર્યું.

અવધૂત પરિવારના પ્રત્યેક ભકતનું હૃદય એ પૂ.માજીનું સ્મૃતિમંદિર છે.

પૂ.માજીને બધા ભક્તોએ દેવમાતા માનીને જ વહેવાર કરેલો હતો.

ભક્તોની શ્રદ્ધાનું કેન્દ્ર અને માનબિન્દુ પૂ.માજી હતાં. આવા શ્રદ્ધાકેન્દ્રો અને માનબિંદુઓ દ્વારા જ સંસ્કૃતિનું જતન થાય છે એની પૂ.શ્રીને જાણ હતી.

સંસ્કૃતિ સચવાય, સંવર્ધિત થાય અને સુવિકસિત થાય એવા શુભ આશયથી માતૃસ્મૃતિ શૈલનું નવતર આયોજન વિચારાયું.

ભક્તોના હૃદયના ભાવને સ્વીકારીને પૂ.શ્રીએ માતૃશૈલનો નિર્ણય લીધો.

પ્રાચીન અને અર્વાચીન સંસ્કૃતિનો સમન્વય કરતું આ માતૃસ્મૃતિ શૈલ દિવ્ય અને ભવ્ય બનાવવાનું વિચારાયું.

સંવત ૨૦૨૪ એટલે સને ૧૯૬૮ની બીજી મે ના રોજ માતૃસ્મૃતિ શૈલનો શિલાન્યાસ વિધિ થયો.

અગ્નિપુરાણમાં આપેલી શાસ્ત્રોક્ત વિધિ અનુસાર શિલાન્યાસ વિધિ સંપન્ન થયો.

શ્રીસૂક્તના એક લાખ હસ્તલિખિત પાઠો પાયામાં પણ પધરાવ્યા.

દસથી બાર ફૂટ ઊંડા ભમરિયા પાયામાં પૂ.શ્રી નાદુરસ્ત તબિયત હોવા છતાં ગયા અને બધી વિધિ કરી.

પૂ.માજીની અર્ધપ્રતિમા મુંબઈના ભક્તોએ તૈયાર કરાવી. પાલખીમાં પ્રતિમા પધરાવી.

ખુલ્લા પગે અને ધૂન ગાતાં ગાતાં એ પ્રતિમાને ભક્તો લગભગ ૨૭ દિવસમાં નારેશ્વર લાવ્યા.
નારેશ્વરમાં ભવ્ય સ્વાગત થયું.
પૂ.શ્રી પોતે માતુશ્રીની પ્રતિમાનું સ્વાગત કરવા ગયા.
પહેલી પુણ્યતિથિના રોજ પ્રતિમા આવી.
પૂ.શ્રીએ માતૃસ્મૃતિ શૈલનું માહાત્મ્ય જાતે દર્શાવ્યું.
સિદ્ધપુર જેમ માતૃશ્રાદ્ધ માટેનું સ્થળ છે તેવું જ પવિત્ર સ્થળ આ બન્યું.
ગંગાદશહરા જેઠ સુદ ૧ થી ૧૦ના દસ દિવસો માતૃસ્મૃતિ શૈલનો દબદબાભર્યો ઉત્સવ ઉજવાય છે.
પોતાની માતાની સ્મૃતિને દિવ્યતા અર્પનાર અને ચીરકાલીન બનાવનાર પૂ.અવધૂતજીના ચરણોમાં અનેક અનેક વંદના.

●

## (૧૮)

# માતૃભક્તિનો દીપ જલે

રંગદાદાનું નામ પાંડુરંગ વળામે.

એમની માતાનું નામ રુક્મિણી.

બધા એને રુકમામ્બાના નામે ઓળખે.

નાના ભાઈ નારાયણની માંદગીને કારણે બંનેને મુંબઈથી નારેશ્વર લઈ આવ્યા.

નારાયણભાઈ નાની ઉંમરે દેવ થયા.

પૂ.શ્રીએ માજીને પૂરતી કાળજી લેવાય એ રીતે બધી ગોઠવણ કરી.

મારે માટે મારી 'મા' એ સુપ્રીમ કોર્ટ છે એવું રંગદાદા કહેતા.

રોજ માજીને પગે લાગે.

બહારગામ એમને પૂછીને જાય.

જતાં જતાં પગે લાગે.

બહારગામથી આવે એટલે પણ પગે લાગે.

સને ૧૯૬૭ની સાલ. સંવત ૨૦૨૩.

જેઠ મહિનો. જેઠ મહિનાની સુદ અગિયારસ.

આ અગિયારસને ભીમ એકાદશી કહેવામાં આવે.

ઘણા લોકો આ અગિયારસે પાણી પણ ન પીએ.

એટલે એને નિર્જળા એકાદશી પણ કહે.
આ નિર્જળા એકાદશીના દિવસે રુકમામ્બાએ દેહ છોડ્યો.
પૂ.શ્રીએ વિધિપૂર્વક અંત્યેષ્ટિ સંસ્કાર કર્યા.
એક વર્ષ પૂરું થયું.
સંવત ૨૦૨૪ની જેઠ સુદ અગિયારસ.
સંવત્સરી આવી.
એક વર્ષ પૂરું થયું.
આ અંગેની ધાર્મિક વિધિ થઇ.
પૂ.શ્રીએ બધાને જમાડવા કહ્યું એટલે મુ. મોદીકાકાએ કહ્યું: “બાપજી! આજે તો ભીમ એકાદશી છે. લોકો જમવાની ના પાડે. ઉપવાસ કરે પણ અન્ન ના લે.”
બાપજીએ કહ્યું: “અરે! મારાં માજીની સંવત્સરી હોય ને ભકતો ના જમે એ કેમ ચાલે?”
પૂ. બાપજી બહાર આવ્યા.
બધા ભકતોને કહ્યું: “જુઓ! આજે માજીની સંવત્સરી છે. તમારે બધાએ જમવાનું. અગિયારસના દિવસે જમવાથી જે પાપ લાગે તે બધું પાપ આ અવધૂતને માથે.”
બસ! પૂ.શ્રીની માતૃભકિત જોઇને બધાં ગદ્ગદિત થઇ ગયાં.

બધા જમ્યા અને ત્યારથી દર વર્ષે જેઠ સુદ એકાદશીએ ભક્તો જમે છે.
નવી રાહ બતાવી અને સમાજમાં માતૃભક્તિનો દીવડો જલાવ્યો.

•

## (૧૯)

## દંભ વિનાના રંગદાદા

સને ૧૯૬૮ની સાલ હતી.
પૂ.શ્રીનાં માતાને દેવ થયાને એક વર્ષ થયું હતું.
જન્માષ્ટમીનો દિવસ હતો.
વલ્લભ વિદ્યાનગરમાં મુકામ હતો.
મુકામ હતો ડૉક્ટર કાંતિલાલ વ્યાસના 'ગુરુકૃપા' બંગલે.
પૂ.બાપજીનો મુકામ હોય એટલે દર્શનાર્થીની ભીડ જામે.
અને વલ્લભ વિદ્યાનગર તો વિદ્વાનોની નગરી.
ભાઈકાકાએ અહીં જ વિદ્યાસંકુલ ઊભું કરેલું.
પૂ.શ્રીનાં દર્શન શરૂ થયા.
ભક્તો વારાફરતી આવે.
દર્શન કરે. અને પછી પાછા જાય.
જવાનું ગમે તો નહિ પણ શું કરે?

એવામાં દર્શનાર્થે કેટલાંક બહેનો આવ્યાં.
ઉંમરલાયક બહેનો હતાં.
ગામડામાં જેને માજી કહેવાય એવી ઉંમરની સ્ત્રીઓ હતી.
એવી સ્ત્રીઓ પૂ.શ્રીને પગે લાગીને જવા લાગી.
એક માજીને જોતાં જ પૂ.શ્રીને પોતાના માતૃશ્રી યાદ આવી ગયાં.
માતાની યાદથી અવધૂતજી ગળગળા થઈ ગયા.
એ બહેન તો દર્શન કરીને ગયા પણ અવધૂતજી બોલ્યા: મારા માજી પણ આવાં જ હતા. અને આમ બોલતાં બોલતાં એમની આંખમાં આંસુ આવી ગયા.
પૂ.શ્રી માટે ભવાનીશંકર શાસ્ત્રીએ એક શ્લોક લખેલો.
એમાં એમને માટે **યોગીન્દ્રવર્ય** શબ્દ વાપરેલો.
આવા યોગીઓમાં ઇંદ્ર અને યોગીન્દ્રમાં પણ શ્રેષ્ઠ એવા મહાપુરુષે દંભ વિના આંખમાં આંસુ આવવા દીધું.
એક સામાન્ય સંસારી દીકરો માતાની યાદમાં આંસુ પાડે એ જ રીતે એમણે પણ આંસુ પાડ્યું.
દંભ વિનાના થઈને એમણે આપણને શીખવાડ્યું કે "માતાને ભૂલશો નહિ".
અવધૂતની આંખનું આંસુ એ આંસુ ન હતું પણ ભક્તોને બોધ આપનારું મોંઘું રત્ન હતું.

●

# (૨૦)

## સંન્યાસી કે સંસારી?

પ.પૂ.શ્રી અવધૂતજીની અવધૂત કક્ષા.
અવધૂતનો આશ્રમ એ પાંચમો આશ્રમ ગણાય.
પૂ. મણિશંકર શાસ્ત્રીજીએ સંસ્કૃતમાં રચેલી આરતીમાં પ.પૂ. બાપજીને સાચા સંન્યાસી 'સત્યઃ સંન્યાસી' કહ્યા.
એ સંન્યાસી હતા છતાં ભકતોની જે રીતે ચિંતા કરતા, ભકતની જીવનનાવને જે રીતે પાર લગાવતા એ જોતાં તો મનમાં એમ જ થાય કે પ.પૂ. અવધૂતજી તો પાકા સંસારી છે.
નારેશ્વરના સામે કિનારે આવેલા ગામોમાં વેળુગામ, અછાલિયા અને ઉમલ્લા એ ત્રણ પાકા રંગભકતોના ગામ.
ઉમલ્લા એટલે અવધૂતજીનો ગઢ.
આ ઉમલ્લાના પરમ રંગભકત શ્રી અંબાલાલ પંડ્યાને અવધૂતજી પર અનન્ય ભાવ.
એમનો એક દીકરો.
એનું નામ જયંતીભાઇ.
એમને પણ પૂ.શ્રી ઉપર અનન્ય ભાવ.

પૂ.શ્રી એમના ભગવાન.
આ અંબાલાલભાઈનાં ઘણાં કામો થયાં.
આ જયંતીભાઈના પ્રથમ પત્નીનું નામ કાંતાબેન.
ચાર દીકરા અને બે દીકરી.
ભર્યુંભાદર્યું ઘર.
કાંતાબેન આદર્શ ગૃહિણી.
ભગવાનનું કરવું તે કાંતાબેન ચાર દીકરા અને બે દીકરી એમ છ સંતાનોની જવાબદારી જયંતીભાઈને સોંપીને ગુજરી ગયાં.
જયંતીભાઈનું નાવ મધદરિયે ડૂબી જવાનું એમ બધાંને લાગ્યું.
'આજ હમારી જીવનનૌકા, ડૂબું ડૂબું ભરદરિયે કરે' એ અવધૂતજીના ભજનની પંક્તિ યાદ આવે એવું થયું.
'યોગક્ષેમં વહામ્યહમ્'ની પ્રતિજ્ઞા કરનાર ભગવાન સામે પણ જાણે પડકાર ઊભો થયો.
પણ આવા પડકારથી ગભરાય તો પછી એને 'અવધૂત' કોણ કહે?
છ નાના બાળકોનો ભાર ખભે મૂકીને જીવતાં જવાન જયંતીભાઈની મૂંઝવણ પણ ભારે.
પરંતુ પૂ.શ્રી કહેતાં કે "અવધૂતે લંગોટી મારી એટલે તે બધાંને લંગોટી પહેરવાનું ન કહે."

અને પછી જયંતીભાઇના પુનર્લગ્નના સંદર્ભમાં અવધૂતજી બોલ્યા: "નાતમાંથી છોકરી મળે તો ઠીક છે, નહિ તો ગરબાડા તો છે જ."

જયંતીભાઇ વિધૂર થયા એ સંદર્ભમાં પૂ.શ્રીએ ગરબાડાના એક ભક્તની દીકરી વિશે વિચારી રાખેલું. એક સંસારી બાપ દીકરાની જેટલી ચિંતા કરે એનાથી વિશેષ આ સંન્યાસી બાપે બધું વિચારી રાખ્યું હતું.

કેવી વ્યવહારિકતા?

છ છોકરાં અને તે પણ નાનાં.

આવા ઘરમાં કયો બાપ પોતાની દીકરી આપે?

અશક્ય લાગતી વાતને શક્ય બનાવે તેનું નામ જ અવધૂત.

અવધૂતજીની આગાહી સાચી પડી.

'નહિ તો ગરબાડા તો છે જ' એ વિધાન સત્ય પડ્યું.

ગરબાડાની સુશીલા સાથે જયંતીભાઇનું બીજી વારનું લગ્ન થયું.

અવધૂતજીના આશીર્વાદ સાથે સંપન્ન થયું.

સુશીલાબેનને બે સંતાન થયાં પરંતુ કાન્તાબેનના છ સંતાન અને સુશીલાબેનના બે સંતાન એમ મળીને આઠ સંતાનો એવી રીતે ઉછર્યા કે બધો એક જ મા-બાપનો વસ્તાર હોય એવું લાગે.

સંતની કૃપાથી જયંતીભાઈનું જીવનનાવ હેમખેમ કિનારે લાંગર્યું.

આખું કુટુંબ રંગભક્તિના રંગે રંગાયેલું છે.

સાચો સંત સંન્યાસી પણ હોય છે અને જરૂર પડે સંસારી પણ બને છે.

•

## (૨૧)

## સાત અંકનું નાટક

ઉમલ્લા એટલે અવધૂતજીનો ગઢ.

ભજનભાસ્કર મુ. સુમનભાઈ પુરોહિત એ ગામે નોકરી કરે.

ઉમલ્લામાં અંબાલાલ પંડ્યા રહે.

પૂ.શ્રીમાં અનન્ય નિષ્ઠા.

આખું ગામ પૂ.શ્રીના રંગે રંગાયેલું.

અવધૂતજી માટે ગમે તે કરવા તૈયાર.

નારેશ્વરના ઉત્સવમાં પણ તન, મન અને ધનથી ખડે પગે સેવા કરનારું ગામ.

આ અંબાલાલભાઈ પંડ્યાને હૃદયરોગનો હુમલો (Heart Attack) થયો.

જુના જમાનામાં ગામડા ગામમાં એવી કોઈ સારવાર ના મળે.

સારવારમાં સંતનું શરણું.

ગુરુમહારાજ પરનો અતૂટ વિશ્વાસ.

પૂ.શ્રીને ખબર પડી.

એ જ સમય દરમ્યાન પૂ.બાપજી વાલિયામાં બંધાયેલી નિશાળનું નામકરણ કરવા જવાના હતા.

એમણે વિચાર્યું કે ધારોલી-વાલિયા તો જવાનું છે જ તો ઉમલ્લા કેમ નહિ?

પંડ્યાજીની ખબર જોવા જવાનો નિર્ણય કર્યો.

ભગવાન ભકતને આધીન હોય છે અને સ્વામી સેવકને વશ રહે છે.

પ્રેમ, ભાવ અને વિશ્વાસની વાત છે.

પૂ.શ્રી ઉમલ્લા આવવાના છે એની જાણ અંબાલાલભાઈના દીકરા જયંતીભાઈને થઈ.

જયંતીભાઈ તો સુમનભાઈને લઈને ગયા નારેશ્વર.

પૂ.શ્રીના ચરણોમાં પ્રણામ કર્યા.

પૂ.શ્રીએ તરત કહ્યું: "તમે ન આવ્યા હોત તો પણ હું આવવાનો હતો જ."

પૂ.શ્રી વાલિયા સ્કૂલનું નામકરણ કરીને પાછા વળતાં ઉમલ્લા પધાર્યા.

અંબાલાલભાઈ તો પલંગમાં આરામ લઈ રહ્યા હતા.
નવા મકાનમાં પલંગ પાસે જ પૂ.શ્રીએ પોતાની ખુરશી મૂકાવી.
ખુરશીમાં બિરાજ્યા.
ભક્તને થયું કે ભગવાન આંગણે પધાર્યા છે તો વંદન તો કરું!
પગે લાગવા માટે બેઠા થવા જતા હતા ત્યાં જ પૂ.શ્રીએ તેમના હૃદય પર હાથ મૂક્યો.
જ્યાં રોગનો હુમલો થયો હતો ત્યાં જ અવધૂતે ઉપચાર કર્યો.
હૃદય પર હાથ મૂકી પૂ.શ્રી બોલ્યા: "પંડ્યા! ઊઠવાની જરૂર નથી. બધું મટી જશે." મોસંબીનો પ્રસાદ આપ્યો.
પ્રસાદ પામીને પંડ્યાજી પ્રસન્ન થયા. અને સાજા પણ થઈ ગયા.
થોડા સમય પછી બીજી વાર હૃદય રોગનો હુમલો થયો પણ પંડ્યાજીને કાંઇ થયું નહિ.
અંબાલાલભાઈનો પૌત્ર (જયંતીભાઈનો દીકરો) નારેશ્વર ગયો.
પૂ.બાપજીને પગે પડ્યો.
પૂ.શ્રીએ પૂછ્યું: "કેમ છે તારા દાદાને?"
પૌત્ર થોડો ગમતી હતો.

તેણે હસતાં હસતાં કહ્યું: "બાપજી! નાટકના બે અંક થઇ ગયા છે. હવે ત્રીજો થાય કે નાટક પૂરું."

અવધૂત પાસે તો બધી વાતના પ્રત્યુત્તર હોય.

એમણે કહ્યું: "ભલા માણસ! કેટલાંક નાટકો પાંચ અંકના હોય છે તો કેટલાંક સાત અંકના પણ હોય છે. અને કોક કોક તો નવ અંકનાય હોય છે."

પૂ.શ્રીએ સંકેત આપી દીધો કે અંબાલાલનું જીવન ત્રિઅંકી નાટક નથી.

અને ખરેખર! પૂ.શ્રીના બ્રહ્મલીન થયા બાદ પંડ્યાજીને સાતમી વખતનો હૃદયરોગનો હુમલો આવ્યો ત્યારે રંગ શરણ થયા.

ભકતની ફિકરમાં ભગવાન ફરતો ફરે છે તે આનું નામ.

●

(૨૨)

## અછાલિયા- સામા કિનારાનું નારેશ્વર

પૂ.શ્રી અવધૂતજી એકદમ વ્યવહારુ.
અવધૂત કક્ષાના હોવા છતાં સામાનો પહેલો વિચાર કરે.
"અન્યને ઉપાધિ ન થાય એ રીતે જીવવું એ જ સત્કર્મ" એવો પૂ.શ્રીનો સિદ્ધાંત.
નારેશ્વરને સામે કિનારે વેળુગામ અને ત્યાંથી થોડે દૂર અછાલિયા ગામ.
પૂ.શ્રી દરેકના ભાવને ઓળખે.
"ભાવ વિનાની ભક્તિ એ દંભ છે" એવું પૂ.શ્રી માને.
આ અછાલિયામાં અંબાલાલભાઈ રાવ નામે રંગભક્ત રહે.
દર વર્ષે અછાલિયામાં પૂ.શ્રીનો મુકામ થાય જ.
અંબાલાલભાઈ પર અપાર કૃપા.
રાવનાં ઘણાં કામ કરેલાં.
ભાવ, ભક્તિ અને શ્રદ્ધામાં રાવ પણ જાણે કે ઉમરાવ ના હોય!
પૂ.શ્રીનો અછાલિયામાં પહેલી વાર મુકામ થયો ત્યારે ઓદુંબરની નીચે ઝૂંપડી બાંધીને ત્યાં પૂ.શ્રીની પધરામણી કરી.

ભવ્ય સ્વાગત થયું અને દબદબાભર્યા કાર્યક્રમો થયા.
ભક્તનો ભાવ જોઈને ભગવાન પણ ભૂમિને તીર્થભૂમિ બનાવી દે.

જ્યાં અવધૂત બિરાજે ત્યાં નારેશ્વર.

અવધૂત આવી ભૂમિમાં પ્રાણ પૂરે.

લીંચને 'મીની નારેશ્વર' એવું અવધૂતે જ કહેલું.

આવું જ અછાલિયા માટે પણ બન્યું.

અછાલિયાથી થોડે દૂર ઉમલ્લા નામે ગામ.

આ ગામમાં એક રંગભક્ત રહે.

નામ એનું ચતુરભાઈ પટેલ.

એનો એક નાનો ભાઈ.

એનું નામ ચીમનલાલ.

કર્મસંજોગે ચીમનલાલને પિશાચપીડા થઈ.

પિશાચપીડામાં વ્યક્તિ હેરાન પરેશાન થઈ જાય, દુઃખી દુઃખી થઈ જાય.

ઘરવાળાં પણ હેરાન પરેશાન થાય.

પરંતુ અવધૂતની છત્રછાયા હોય પછી બીવાનું શું? ચિંતા શાની?

ચતુરભાઈએ પૂ.શ્રીને વાત કરી.

પૂ.શ્રીએ કહ્યું: "અરે! એમાં ચિંતા શું કરે? ચીમનલાલ પાસે સાત ગુરુવાર ભરાવજે.

ઔદુંબરની પ્રદક્ષિણા કરાવજે.
'દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરા'ની ધૂન બોલતાં બોલતાં પ્રદક્ષિણા કરાવજે. પ્રદક્ષિણા કર્યા પછી દત્તબાવનીનો પાઠ કરજો."
પરંતુ પૂ.શ્રીને ખબર કે આ બધા ખેડૂત છે.
ઉમલ્લાથી નારેશ્વર આવે તો વધુ સમય જાય.
એટલે એમણે જાતે કહ્યું કે "જો નારેશ્વર આવવાની જરૂર નથી. અછાલિયાના ઔદુંબરની પ્રદક્ષિણા કરજો."
આમ ચીમનલાલે અછાલિયાના ઔદુંબરે સાત ગુરુવાર ભર્યા. પ્રદક્ષિણા કરી.
દિગંબરાની ધૂન અને દત્તબાવની કરી અને પૂ.શ્રીના આશીર્વાદથી સાત ગુરુવાર પૂરા થતાં જ પિશાચપીડા દૂર થઇ ગઇ.
અછાલિયા એ સામા કિનારાનું નારેશ્વર છે એવી પૂ.શ્રીએ મહોર મારી.
આજે અંબાલાલભાઇના દીકરા નરેન્દ્રભાઇ પિતાશ્રીનો આધ્યાત્મિક વારસો જાળવે છે અને અવધૂતજીના સ્મૃતિચિહ્નોને પણ જાળવી રહ્યા છે.

●

## (૨૩)

## વરસાદ આપું છું, બાંધ પોટલી!

યોગી પુરુષ તપશ્ચર્યા દ્વારા અનેક સિદ્ધિઓ મેળવે છે. રાગ અને દ્વેષ વિનાનું મન જે સંકલ્પ કરે તે ફળે છે. એને વાક્સિદ્ધિ મળે છે.

પ્રકૃતિ સાથે એ સંતપુરુષનું એવું તાદાત્મ્ય હોય કે એ ઇચ્છે તે મુજબ કુદરત વર્તે.

ઉમલ્લાના ભક્તો નારેશ્વરની ગુરુવારની વારી ભરે.

ગુરુવારે ભજન કરવા જાય એ ભજનમંડળમાં શ્રી ચતુરભાઇ પણ જોડાય.

ચતુરભાઇ તબલાં વગાડે.

ચતુરભાઈનો પૂ.શ્રી પ્રત્યે ભાવ સારો.

પૂ.શ્રી પણ એમની સાથે વિનોદ કર્યા કરે.

ભક્ત અને ભગવાનની આવી વિનોદભરી ગોઠડી પણ એક લહાવો ગણાય.

એક ગુરુવારે ભજનમંડળી આવી.

નિયમ પ્રમાણે ભજન થયાં.

પૂ.શ્રીએ બધાને પ્રસાદ આપ્યો.

થોડી વાર પછી ઉમલ્લાની ભજનમંડળી ગામ જવા નીકળી.

બધા નીકળતા હતા ત્યાં પૂ.શ્રીએ ચતુરભાઇને પૂછ્યું:
"કેમ ચતુર! શું ચાલે છે? ખેતી કેવી છે?"
ચતુરભાઈએ જવાબ આપ્યો: "બાપજી! શું ખેતી થાય?
આ વરસાદ વગર ડાંગર મરવા પડી છે."
એ જમાનામાં આકાશી ખેતી હતી એટલે કે વરસાદ
પર જ આધાર રહેતો.
નહેરની કે કુવાના પાણીની સગવડ ન હતી.
વરસાદ ન પડે તો પાક બળી જાય.
ચાલુ વર્ષે વરસાદ પડીને પછી અટકી ગયો હતો.
ડાંગરના દાણામાં દૂધ ભરાયેલું પણ વરસાદ આવે તો
પોષાય તેમ હતું.
દાણા દળદાર બને એ જરૂરી હતું.
પૂ.શ્રીએ ચતુરભાઇને કહ્યું: "ચતુર! લે વરસાદ
આપું છું. બાંધ પોટલી. તારી સીમમાં જઇને છોડજે."
જોડેના સાથીદારો સમજી ગયા.
એમણે કહ્યું: "ચતુરભાઈ! ધોતિયાના છેડે ગાંઠ મારો."
ચતુરભાઈએ ધોતિયાના છેડે ગાંઠ મારી.
પોતાના ખેતરની સીમમાં છોડવાની હતી.
બધાએ 'ગુરુદેવદત્ત'ની ગર્જના કરી અને ઉમલ્લા તરફ
જવા માંડ્યું.
સામે કિનારે જઈને ચાલતાં ઉમલ્લા જવાનું.

ખૂબ જ ગરમી.
બધા પરસેવે રેબઝેબ.
ઉમલ્લા આવવાની તૈયારીમાં હતું.
ગરમીને કારણે પરસેવો લૂછવા માટે ચતુરભાઇએ ધોતિયાનો છેડો હાથમાં લીધો.
ધોતિયે વાળેલી ગાંઠ જોઇ પણ વાત ભૂલી ગયા કે આ તો વરસાદ બાંધેલો હતો.
યાદ રહ્યું નહિ અને ચતુરભાઇએ ગાંઠ છોડી કાઢી.
પરસેવો લૂછ્યો.
પરંતુ જેવી ગાંઠ છોડી કે તરત જ વાદળ નહિ કે વરસાદ આવવાની કોઇ નિશાની નહિ પણ ધોધમાર વરસાદ તૂટી પડ્યો.
બે માઇલ ઉમલ્લા દૂર હતું.
બધા વરસાદમાં પલળતા ઘરે ગયા.
વરસાદ પડ્યો એટલે પૂ.શ્રીના શબ્દો યાદ આવ્યા: “લે ચતુર! વરસાદ આપું છું. બાંધ પોટલી”.
ખેતીમાં મરવા પડેલી ડાંગર જીવી ગઇ.

●

(૨૪)

## સમજાવવાની અવધૂતી રીત- અદ્‌ભુત રીત

અછાલિયા એટલે સામા કિનારાનું નારેશ્વર.
પૂ.શ્રી પ્રત્યે અંબાલાલભાઈ રાવનો ભાવ ખૂબ ઊંચો.
પૂ.શ્રી પણ વર્ષમાં એક વાર અછાલિયા મુકામ કરે.
આખા કુટુંબને પૂ.શ્રીમાં અડગ નિષ્ઠા.
પૂ.શ્રી આવે એટલે આનંદ આનંદ.
જાણે દિવાળીના દિવસો ના હોય!
ભજન-પૂજન થાય.
ભક્તોની ભીડ જામે.
દર્શન માટે કતાર લાગે.
બધા સાથે બેસી ભજન કરે અને ભોજન કરે.
બાળકો સાથે પણ અવધૂતજી એવી વાતો કરે કે એમને પણ પૂ.શ્રીનો મુકામ ગમે.
પરંતુ પૂ.શ્રીની વિદાયની વેળા આવે એટલે બધાંની આંખો ભીની થાય.
પૂ.શ્રી આવે એ ગમે પણ જાય તે ના ગમે.
ગામ આખું સૂનું સૂનું પડી જાય.
એક વાર પૂ.શ્રીની વિદાય વેળા આવી.

અંબાલાલભાઈનો દીકરો નરેન્દ્ર આમ નાનો પરંતુ પૂ.શ્રી જવાના એ વાત જાણીને રડવા લાગ્યો.
બાળકનું બળ રૂદન.
**બાલાનાં રોદનં બલમ્ ।**
એટલું રડે કે ગળે ડૂમો ભરાઈ જાય.
છાનો રહે જ નહિ.
પૂ.શ્રીએ અવાજ સાંભળ્યો એટલે પૂછ્યું: "મણિબા! બાબો કેમ રડે છે?"
મણિબાએ કહ્યું કે બાપજી! તમે જવાના તેથી રડે છે.
પૂ.શ્રીએ કહ્યું કે નરેન્દ્રને મારી પાસે લાવો.
નરેન્દ્રભાઈ આવ્યા.
પૂ.શ્રીએ પૂછ્યું: "તું કેમ રડે છે?"
નાના બાળકે જવાબ આપ્યો: "તમે જવાના એટલે."
પૂ.શ્રીએ કહ્યું કે જો નરેન્દ્ર! તું ઘરની પરસાળમાંથી વાડામાં જાય તો તું ઘરની બહાર ગયો કહેવાય?
બાળક નરેન્દ્રે કહ્યું: "ના. હું ઘરમાં જ છું એમ જ કહેવાય."
પછી પૂ.શ્રીએ કહ્યું: "તું વાડામાંથી માળ ઉપર સૂવા જાય તો ઘરની બહાર ગયો ગણાય?"
બાળકે કહ્યું: "ના."

પછી પૂ.શ્રીએ કહ્યું કે જો નરેન્દ્ર! તું નાનો એટલે તારું ઘર પણ નાનું. તારા ઘરના ઓરડા પણ નાના. મારે તો આખું જગત એ મારું ઘર છે. એટલે કોઈ વાર અછાલિયાના ઓરડામાં રહું તો કોક વાર નારેશ્વરના ઓરડામાં રહું તો વળી કોક વાર અમદાવાદના ઓરડામાં રહું. પણ હું તો કાયમ અછાલિયાના ઘરમાં જ રહું છું. હું આ ઘરની બહાર જતો જ નથી.

બાળક નરેન્દ્રના મનનું સમાધાન થઈ ગયું.

અને તે રડતો બંધ થઈ ગયો.

નાનપણથી નરેન્દ્રભાઈમાં ઉતરેલા રંગભક્તિના આ સંસ્કાર હવે તો એવા દઢ થયા છે કે અછાલિયાનું તીર્થધામ તેઓ સંભાળે છે.

અંબાલાલભાઈ રાવને ગૌરવ થાય અને ગર્વ થાય એવી નરેન્દ્રભાઈની રંગભક્તિ સ્મરણીય છે અને અનુકરણીય છે.

•

# (૨૫)

## મરતાં પહેલાં મળવું છે એક વાર જો

રાજપારડી નામનું ગામ.

એમાં વલ્લભભાઈ પટેલ રહે.

સંતોના અને સત્સંગ પાછળ ઘેલા.

આ વલ્લભભાઈ પૂ.શ્રીના સંપર્કમાં આવ્યા અને એમના અનન્ય ભક્ત બની ગયા.

વલ્લભભાઈને પૂ.શ્રી 'બાપુજી'ના હુલામણા નામથી બોલાવે.

વલ્લભભાઈની ઉંમર થઈ. તબિયત લથડી.

એમને એવું થયું કે હવે મૃત્યુ નજીક આવી રહ્યું છે.

મૃત્યુની બીક તો ન હતી પણ પોતાના સદ્ગુરુનાં છેલ્લે છેલ્લે દર્શન કરવાની તીવ્ર ઇચ્છા હતી.

પ્રાણ નીકળે ત્યારે પોતાના ઈષ્ટદેવ ભલે સામે ઊભા ન હોય પણ એમના દર્શન થાય પછી થોડા દિવસે પ્રાણ છૂટે એવી વલ્લભભાઈની ઇચ્છા.

પૂ.શ્રીને નારેશ્વરમાં વાત કરી.

"બાપજી! વલ્લભભાઈની તબિયત સારી નથી અને તમારાં છેલ્લાં દર્શનની ઇચ્છા છે." નજીકના સગાએ વાત કરી.

પૂ.શ્રીએ કહ્યું: "બાપુજીને અહીં લાવતા નહીં. હું જ રાજપારડી આવીશ."

આ સમાચાર મળતાં વલ્લભભાઈને હાશ થઈ ગઈ.

ક્યારે બાપજી આવશે? ક્યારે દર્શન થશે?

બસ! મનમાં એ જ રટણા.

પૂ.શ્રીનું સતત સ્મરણ કરે.

ભકતનો ભાવ ભગવાનને ખેંચી લાવે.

પૂ.શ્રીનો સુરતમાં મુકામ હતો.

ત્યાંથી એકદમ તાર આવ્યો કે પૂ.શ્રી રાજપારડી પધારે છે.

બસ! તાર મળતાં જ ગામનું વાતાવરણ બદલાઈ ગયું.

આનંદવાજાં વાગવાં લાગ્યાં.

બધે મંગલગીતો ગવાવાં લાગ્યાં.

વલ્લભભાઈના હૈયામાં તો આનંદનો સાગર ઉછળવા લાગ્યો.

ક્યારે બાપજી પધારે અને ક્યારે છેલ્લાં દર્શન કરું!

પૂ.શ્રી રાજપારડી આવ્યા.

ભવ્ય શોભાયાત્રા નીકળી.

શોભાયાત્રા મુકામ પર જવા નીકળી પણ વાર તો લાગે જ ને!

વલ્લભભાઈ તો રાહ જોઈને જ બેઠેલા કે પૂ.શ્રી મુકામ પર પહોંચે એટલે દર્શન કરવા જાઉં.
વલ્લભભાઈએ તો સ્નાન કરી લીધું.
ધોએલાં વસ્ત્રો પહેરી લીધા અને દર્શન માટે જવાની રાહ જોતાં બેઠા.
પરંતુ પૂ.શ્રીએ સંદેશો મોકલ્યો.
બાપજીએ કહેવરાવ્યું કે બાપુજીને મુકામ ઉપર લાવશો નહિ. હું જ ઘેર આવું છું.
આ તો બગાસું ખાવા મોં ખોલ્યું અને મોંમાં લાડુ આવી ગયા જેવું થયું.
શોભાયાત્રા પૂરી થઇ.
પૂ.શ્રી મુકામ પર આવ્યા.
અને પછી વલ્લભભાઈને દર્શન દેવા ગયા.
વલ્લભભાઈ તો રાજીના રેડ થઇ ગયા.
પોતાના ભગવાન- ગુરુમહારાજનાં છેલ્લાં દર્શન થયાનો આત્મસંતોષ થઇ ગયો.
પૂ.શ્રી રાજપારડીથી નારેશ્વર ગયા.
રાજપારડીના જે ભકતો પૂ.શ્રીને મૂકવા માટે નારેશ્વર ગયા હતા તે બધાને પૂ.શ્રીએ જલદી જલદી પાછા મોકલી દીધા.
ગામમાંથી કોક પરણવા ગયું હતું તે પરણીને પાછા આવી ગયા.

ગામમાં મંગલ મંગલ થઇ ગયું.
અને એ બધું જોઈને વલ્લભભાઈએ દેહ છોડ્યો.
'મરતાં પહેલા મળવું છે એક વાર જો' એવી ભજનની પંક્તિ વલ્લભભાઈના જીવનમાં ચરિતાર્થ થઇ ગઈ.

●

# પહેરી લીધા વીંટલા

પહેરી લીધા વીંટલા, તારા હો અંબે, માડી, તારા હો અંબે;
કોણ કાઢે આંખ સામે, કાળ જ્યાં કંપે ? - ટેક.

શુભુ નિશુંભો કામાદિક સૌ જોઈને ત્રાસે, માડી જોઈને ત્રાસે;
મહિસાસુર અજ્ઞાન બાપડું, મુઠ્ઠી દઈ નાસે. પહેરી. ૧.

જોઈ તારું મુખડું હૈયું આનંદે નાચે, માડી, આનંદે રાચે;
રિદ્ધિ સિદ્ધિ હાથ જોડી, બારણે યાચે. પહેરી. ૨.

નિત નૂતન શું રૂપ તારું કોટિ રવિ રાજે, માડી, કોટિ શશિ રાજે;
દોડે સિંહે વીજળી વેગે, ભક્તોને કાજે. પહેરી. ૩.

રાખ રંગ આ કટોકટીમાં, સંકટ નિવારી, માડી, સંકટ વિદારી;
શક્તિપાત કરી ભારતમાં, રિપુદલ સંહારી. પહેરી. ૪.

રંગ અવધૂત

# માતૃભક્તિ

(ઇ.સ. ૧૯૬૭માં પ.પૂ. શ્રીરંગ અવધૂતજીના માતાજીનું શરીર અસ્વસ્થ હોવાથી એમણે પૂ.શ્રીને રાત્રી નારેશ્વરમાં ગાળવાની આજ્ઞા કરી હતી. તા. ૧૩મી માર્ચ, ૧૯૬૭ના રોજ ભાગવત વિદ્યાપીઠ, સોલાના ખાતમુહૂર્ત અંગે પૂ.શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીએ આમંત્રણ આપ્યું તે સંદર્ભમાં પત્રવ્યવહાર થયો હતો જે માતૃભક્તિનું દ્યોતક છે.)

**પ.પૂ. શ્રીઅવધૂતજીએ પત્ર દ્વારા જણાવ્યું કે :**

"કાર્ય ભગવાનનું છે, ભગવાન કરશે માટે ચિંતા ન કરશો. માતાજીની પ્રકૃતિ નાજુક છે. માતાજીની આજ્ઞા છે કે રાત્રી આશ્રમમાં જ ગાળવી. વાટ લાંબી છે. મોટરની યાત્રા શક્ય નથી. તો મારી ઉપસ્થિતિ ત્યાં જ સ્વીકારશો. **"માતૃઆજ્ઞાવશ હું નિરુપાય છું"**

પ્રત્યુત્તરમાં પૂ.શાસ્ત્રીજીએ એક જ લીટીનો પત્ર લખી જણાવ્યું કે :

**"આપ સમર્થ નિરુપાય છો, હું સામાન્ય નિરાધાર છું."**

આના જવાબમાં પૂ.શ્રીએ મોદીકાકાને પત્ર સાથે રુબરુ મોકલ્યા. સંદેશો હતો :-

"યોગીજનોની રાત્રી ત્રણ વાગ્યા સુધીની. પૂ. માતાજીની આજ્ઞાનું પાલન કરીશ. ત્રણ વાગ્યે નીકળીશ. મોટરમાં નીકળીશ. રસ્તામાં ઉલટીઓ થશે તો લીંબુનો રસ રાખી મૂકીશ. ખાતમુહૂર્ત પ્રભુનું કાર્ય છે. અવશ્ય આવીશ. નીકળતા પહેલાં જો માતાજીનો દેહ છૂટી જશે તો હું નિરુપાય છું, પરંતુ દ્વારથી બહાર નીકળ્યા બાદ જો માતાજી દેહ વિસર્જન કરશે તો પ્રથમ શ્રીભાગવત વિદ્યાપીઠનું ખાતમુહૂર્ત કરીશ. બાદ પરત આવી માતાજીને અંજલિ આપીશ. જો કે માતાજી કૃપાળુ છે એટલે કાળને પણ રોકી મૂકશે. વિઘ્ન નહીં આવે. અવશ્ય આવીશ"

(શ્રીરુકમાઇ મંડળ, કાંદિવલી દ્વારા
પ્રકાશિત સ્મરણિકામાંથી)